કહાના કુંભારની વાર્તા.

(પવિત્ર પાર્વતી.)

છપાવી પ્રસિદ્ધ કરનાર,
માધવ રામચંદ્ર જાગુષ્ટે બુકસેલર.
ધણ દરવાજે—અમદાવાદ.

આવૃત્તિ ૩ જી. પ્રત ૨૦૦૦.

અમદાવાદ.
શ્રી "નટવર" પ્રિન્ટિંગ પ્રેસમાં
મંગીલાલ નારણદાસ બાડીવાળાએ છાપી.

સંવત ૧૯૬૪. સને ૧૯૦૮.

કહાના કુંભારની વારતા.

અસલનાં વખતમાં પાટણ શેહેરમાં એક કહાનો કરીને કુંભાર હતો. નાનપણથી તેને તેના માતપિતાએ પરણાવ્યો હતો અને તે પોતાની નાતમાં ઉંચા કુળનો હતો તેથી તેની કન્યા પણ ઉંચા કુળની અને ખાતાપિતા ઘરની મળી હતી. કહાનાને પરણાવ્યા પછી તેનાં માબાપ મરી ગયાં તેથી તેને કોઇ પોતાનો ધંધો શીખવનાર રહ્યું નહીં. તેથી તેને હાંલ્લાં ઘડવાનું કે કોઇપણ પ્રકારનું કુંભાર કામ આવડતું નહોતું. માતાપિતાએ જે પાંચ પૈસા એકઠા કર્યા હશે તેમાંથી ખાઇ પીને ફક્કડ થઇને ફરતા, પણ એક પાઇનો પણ ઉદ્યમ કરતો નહીં. એ ફીકરો માણસ તેથી શરીરે મજબુત અને બાપિકા થોડા પઇસા તે વાપરીને સહેલાણી બનેલો, તેથી શરીરે રૂપાળો નહીં તો પણ ટાપટીપઓ થએલો તેથી કેવળ મજબુત કુંભાર જેવો તેનો દેખાવ થયો હતો. પૈસાનો એવો સ્વભાવ છે કે જો કાંઈ નવી આવક ન હોય તો ખાધે આખો કુબેરનો ભંડાર પણ ખુટે, તો આ બિચારા કુંભારની ચાર ઠીકરીઓ શી વિસાતમાં? આણી તરફ ભાઈ ઉમ્મર લાયક થયા અને પેલી તરફથી કુંભારોઆ પુંજીનો પણ પાર આવ્યો છેવટે ખાવાપીવાના કશાલા પડવા લાગ્યા ખાવા ધાન્ય અને પહેરવા કપડાં પરમેશ્વર સૌને આપી રહે છે, તો છતાં પણ જેને કોઇ પણ પ્રકારનો ઉદ્યમ કરવો ગમતો નથી. તેને

તે બાબતની પણ ચિન્તા કરવી પડે છે. આપણો કહાનો જેવો ફક્કડ થઇને ફરતો તે હવે કંઇક ચિન્તાને વશ થવા લાગ્યો. પણ નિર્વાહને માટે માણસ ચારે તરફ નજર કર્યા વિના રહેતો નથી, અને જેને વગર મહેનતે ખાવાની ટેવ પડી હોય છે તે માણસ તો એવું ખોળવાને અહાર તરફ નજર કરે છે. તે પ્રમાણે આપણો કહાનો પણ વિચાર કરવા લાગ્યો, વિચાર કરતાં તેને એક સારામાં સારો પોતાની પ્રકૃતિ માફક આવે એવો રસ્તો જડી આવ્યો.

મહેનત કર્યા વગર મનગમતું ખાવા પીવાનું તથા ઓઢવા પહેરવાનું માન સાથે મળે એવું દુનિયામાં એકજ ઠેકાણું છે, અને તેતો પુરૂષને પોતાનું સાસરૂં છે. કહાનાએ વિચાર્યું કે આપણે હવે સાસરે જવું કેમકે હું પણ ઉમ્મર લાયક થયો છું, અને બઇરૂં પણ તેના બાપને ઘેર ઉમ્મર લાયક થયું હશે, માટે તેડવા જવાનું બહાનું પણ ઠીક છે. ત્યાં જઇને પછી જોઈ લઇશું. જે બેચાર દિવસ કે દસપંદર દિવસ સાસરામાં રહીને ખાનપાન અને માનની મોજ માણી તે ખરી. આગળ જતાં વળી શી રીતે કરવું તે તો આગળ જોવાનું છે. પણ હાલમાં આવી પડેલી દરિદ્ર દશામાંથી તો થોડા દિવસ છૂટીશું. આ પ્રમાણે ચોગરદમ નજર દોડાવી આપણા કાના કુંભારે પોતાને સાસરે જવાનો વિચાર કર્યો. તેની પાસે પૂંજીમાં તો પોતાનાં ભભકો મારવાનાં કપડાંજ હતાં, એટલે ઘેર તાળુ મારવાની કે સાથે પોટલી બાંધવાનીજરૂર પડે તેમ નહોતું. તેથી તે પોતાનો તંગીઓ ટોપી અને રૂમાલ લેઇને છડે દુપટે પોતાને ઘેરથી પોતાને સાસરે જવા નિકળ્યો સાસરૂં પાટણ શહેરથી થોડેક છેટે હતું. પણ આપણો કહાનો ચાલનાર કાંઇ કાચો નહોતો તેથી સવારનો નિકળ્યો

આશરે બારેક વાગતાના સુમારમાં રોટલા વખતે પોતાના સસરાને ગામ જઇ પહોંચ્યો. ગામમાં જઇને પોતાના સસરાનું ઘર પૂછતો પૂછતો છેક પોતાનો સસરો તેના આંગણામાં ખાટ ઉપરથી ઉઠીને જમવાને માટે હાથ પગ ધોતો હતો, તેવામાં આપણા કુંભાર શાણા કહાનજી ફક્કડ ત્યાં જઇને ઉભા રહ્યા. સસરે જાણ્યું કે કોઈ સારો માણસ છે, માટે પૂછ્યું કે સાહેબ આપ કોણ છો? ત્યારે કહાનાએ પોતે તેનો જમાઈ છે એવી ઓળખાણ પાડી; અને કહ્યું કે, હું આણું કરવાને આવ્યો છું.

કહાનાના સસરાએ પહેલાં સાંભળ્યું હતું કે તેના જમાઇને કાંઈ ધંધો રોજગાર આવડતો નથી, અને ખરાબખસ્ત થઇ ગયો છે. કોઇની માથે હાક ન હોવાથી તે કાંઇ ઉદ્યોગ શીખ્યો નથી અને રખડતો ફરે છે તેથી તેણે પોતાની દીકરીને તેને સાસરે મોકલવાની ઉતાવળ કરવાનું માંડી વાળ્યું હતું. તેણે એવો ઠરાવ પોતાના મન સાથે કર્યો હતો કે જો જમાઈ સુધરે તો પોતાની દીકરી ને તેને ઘેર મોકલવી અને જો ન સુધરે તો તેને છેડાછુટકો કરાવી કોઇ શીખાતા કુંભારને ત્યાં ઠામ બેસાડવી. પણ જ્યારે સસરાએ જમાઇને જોયો ત્યારે તેનો મોટા માણસ જેવો પોશાકી ડોળ જોઇને તથા તેનો ઉજળામણવાળો દેખાવ જોઇને પોતાના મનમાં વિચાર્યું કે આ કોઇ સારે ઉજળે ધંધે લાગેલો છે, અને અદેખી નાતના લોકોએ અદેખાઇને લીધે ખોટી વાતો ઉડાડીને એની બદનામી કરી હશે. સસરાના મનમાં શાન્તિ થઈ કે ચાલો જમાઇ તો સારો છે. તે ઉપરથી તેણે પોતાના જમાઇનો આદરસત્કાર કરીને પોતાને ઘેર રાખ્યો, ઉતારો આપ્યો, તથા પોતાની ઓરતને

મહુડાંનો કંસાર અને ઘીનું જમણ તઇયાર કરવાને કહ્યું.સાસુએ પ-
ણ પોતાનો જમાઇ આવો ગૃહસ્થના જેવા દેખાવવાળો છે એ જો-
ઇને મનમાં જાણ્યું કે છોકરી તો સુખી થઇ.તેણે હર્ષમાં ને હ-
ર્ષમાં તરત રસોઇ તૈયાર કરી. અને સસરો જમાઇ જમવા બેઠા
અને સાસુ હરખે હરખે પીરસવા લાગી જમતા જમતાં આપણા
કહાનાએ તો કંદોઇના ઘરનાં પકવાનોની વાતો કરવા માંડીતે સાં-
ભળીને સાસુ સસરાએ તો જાણ્યું કે જમાઇ કેવાંએ ભાગ્યશાળી
થયા હશે કે રોજ પકવાનનો થાળ આરોગતા હશે; પણ તેમને
બિચારાંને કાંઇ ખબર નહોતી કે કંદોઇ અને કાપડીઆને ત્યાંજ
જમાઇનું સઘળું જર જોખમાયું છે, નવો આવેલો મેમાન તે પો-
તાનો પતિ છે, એમ કહાનાની વહુ પાલીએ ઘરમાં મચેલી ધાલ-
મેલ અને ધામધુમ ઉપરથી જાણ્યું. તેણે પણ છેટે રહે રહે ઘુમ-
ટામાંથી જોયું તો વાલમાનું સ્વરૂપ જોઇને તે બિચારી કુંભાર
કન્યાની કસો ટુટવા લાગી. અહો કેવો વરણાગીઓ અને પહેલ-
વાન ધણી મળ્યો છે, એમ વિચારી વિચારીને તે પોતાને પૂરી ભા-
ગ્યશાળી સમજવા લાગી એમ કરતાં કરતાં કહાનાભાઇ તો સાસ-
રે સુખમાં એક, બે, ત્રણ અને ચાર દિવસ રહ્યા. જમાઇ એટલે
કશું કામ તો તેને કરવું પડે નહીં, અને વરણાગી કરતાં તેને
શીખવવું પડે તેમ ન હોતું, એટલે તેની આવડતી પરીક્ષા થવાનો
વખત આવે તેમ નહોતું. પછી પાંચમે દિવસે ઘરમાં એકાન્ત મ-
ળવાથી તેની ઓરત પાલીએ પૂછ્યું કે હવે આપણે વિદાયગિરી
લેઇને ક્યારે પાદણુ જવું છે.? તમે નક્કી કરીને કહો એટલે હું મા-
રી માને કહીને અને વળાવવાનો દિવસ ઠરાવું; અહીં અમને આ-

મ પડયા રહેવાથી તમારો અને મારો બંનેનો વકર જાય સંસારની રીત છે કે સાસરે ઘણું રહેવાથી માણસનો ભોજ ઘટે છે આ પ્રમાણે પાલીએ પોતાના ધણીને કહ્યું ત્યારે તે બોલ્યો:–તું કહે ત્યારે આપણે પાટણ જઇએ, પણ તને રળતાં આવડે છે કે ? જો રળતાં આવડતું હોય તો ચાલ આપણે એ પાટણ જઇએ, નિકર અહીં રહેવામાં શું ખોટું છે? મારે કામ કરવું પડતું નથી ઉજળે લુગડે રહેવાય છે, અને મારૂં તેમજ તારૂં ગુજરાન પણ ચાલે છે.”

પોતાના ધણીનું આવું બોલવું સાંભળીને દિઙ્મૂઢ થઈ ગયેલી પાલી તો કાંઇ પણ બોલી શકી નહીં. થોડીકવાર પછી હૃદય શૂન્યતામાંથી જાગીને તે બોલી:—‘અરે તમે પુરૂષ થઈ આ શું બોલો છો ? રળવાનું કામ તે ભાયડાનું કે બાયડીનું ? તેમ છતાં પણ કદી એમ ધારો કે મને રળતાં આવડતું હોય તો પણ તમારાથી મારા રળવા ઉપર ગુજરાન ચલાવાય ? હા, આપણો ધંધો મને આવડે છે. અને તે ધંધો તમે કરો તો આપણી નાતની રીત પ્રમાણે હું પણ તમને મદદ કરવાને તઇયાર છું પણ મારીજ કમાઇ ઉપર તમે આધાર રાખો એતો કેવળ અજુગતું ગણાય’ કહાનો બોલ્યો:— ‘હું ધંધો કરૂં પણ મને આ તારા બાપની પેઠે ટપલાં ટીપતાં નથી આવડતા. હું તો તું ઘડે તે ખાઉં. પણ હાંલ્લાંએ તારે ઘડવાનાં અને રોટલાએ પણ તારેજ ઘડવાના.’ પાલીએ કહ્યું:—“હજુ કાંઇ વહી ગયું નથી, જો તમો ઘડતાં શીખો તો હું કાંઇ બાનું કરીને અહીંજ ચાર પાંચ માસ રહું અને તમે પણ અહીં રહો એમ કરૂં પછી તમને આપણો રોજગાર આવડી જાય એટલે આપણે આપણા ઘરે જઇએ, પણ કાંઇ પણ રોજગાર આવડયા વિના

નિભાવ શી રીતે થાય ?" કહાનાએ તે પ્રમાણે કહીને કુંભાર કામ શીખવવાનું કબુલ કર્યું, અને પાલીએ પોતાની માને કહીને પોતાના ધણીને પણ રખાવ્યો. એમ કરતાં કરતાં ચાર મહીનાને બદલે છ મહીના વીતિ ગયા, પણ આપણા કનૈયાકુંવરને ચાક ઉપર પેંડા મૂકતાં પણ આવડ્યો નહિં, પણ તેના માથા ઉપર ભભકાબંધ ફેંટા મૂકતાં તો આવડતો હતો છેવટે પાલીએ તો આશાજ મૂકી કે આને કાંઈ પણ આવડવાનું નથી. આતો છેલબટાઉ થઇને ફરતો ફરે એજ. તોપણ તેણે વિચાર કર્યો કે ગમે તેવો તોપણ તે મારો ધણી છે; નાતરીયા નાતમાં જેમ કરૂં તેમ ફાવે ખરૂં, પણ જાતવાન બઇરી તો એનુંનામ કે જે ગમે તેમ કરીને પણ સુખે-દુઃખે પોતા ધણીનું ઘર માંડે, શોભતું અને સાંપડતું હોય તેના તો સો ઘરાક થાય, પણ જેવું હોય તેવું નિભાવી લેવામાંજ માણસની માણસાઇ છે, બાકી મનગમતું તો પશુ પણ કરી જાણે છે માટે મારા માથાના ધણીને મારે પાલવી લેવો તે મારી ફરજ છે; આ પ્રમાણે વિચાર કરીને પાલીએ તો પોતાનાં માબાપને મુકીને સાસરે જવું ગમતું નથી એવું બહાનું કરી કરીને પોતાના તથા પોતાના ધણીના મુકામ પોતાના બાપનેજ ઘેર જમાવ્યા રળતા કમાતા સસરાને પોતાનો જમાઈ વધારે પડે નહીં, અને માને તો દીકરી આંખ્ય આગળ હોય તો તેનું હૈયું ઠરે છે, એ સંસારનો નિયમ છે. આ પ્રમાણે કહાનજી તો ઘર જમાઇ થઇ પડ્યા.

માબાપને તો દીકરી અને જમાઈ બંને પોતાનાં પેટનાંજ છોકરાં જેવાં, પણ કાંઈ ભોજાઇને નણંદ અને નાણુદોઇ રોજ ઘરમાં રહે તે આંખ્યમાં ખટક્યા વિના રહે નહીં. એકવાર પાણી ભરવાને

પાલીની ભોજાઇ અને પાલી બંને જણ કુવાઉપર ગયાં ત્યાં પાણી ભરવાનું દોરડું કોહેલું નિકળવાથી પાલી બોલીઃ—"ભાભી તમે આ દોરડું લીધું ત્યારેજ મેં કહ્યું હતું કે કોહેલું નિકળશે, પણ તમે માન્યું નહીં અને પેલી ખલાસીઅણ પાસેથી તે ખરિદ્યું હવે તે ઘર જમાઇ ખાતેપડ્યું રહેશે." આ સાંભળીને ભાભી બોલીઃ—"એતો અમારા ઘરની રીત્ય છે અમે જે ચીજ વહોરીએ છીએ તે ઘર જમાઇ ખાતે જ રહે છે. ઘરડાની રીત્ય કાંઇ અમારાથી કાઢી નંખાય ?" ભોજાઇના આ મર્મના બોલ પાલી મનમાં સમજી પણ તે વખતે કાંઇ બોલી નહિં. પોતાને અને પોતાના ધણીને પોતાને પિયર ન રહેવું જોઇએ અને રહ્યા તે મોટી ભુલ કરી એ વાત તેને બરોબર સમજાઇ.

પછી થોડાક દિવસ લગી તો રોજની માફક કોઇને માલમ નપડે તેવી રીતે પોતાના બાપને ઘેર પાલી રહી; પણ દશેક દિવસ પછી તેને પોતાના ધણીને કહ્યું કે હવે તમે ઘણોજ આગ્રહ કરીને આપણે ઘેર પાટણ જવાની રજા મારાં માબાપ પાસે માગી લ્યો,તે પ્રમાણે કહાનાએ રજા માગી અને પાલીએ પણ પોતાની માને સમજાવીને રજા અપાવી તેથી પાલી અને પાલીનો ધણી આપણો કહાનજીકુંભાર પાટણ જવાને માટે તૈયાર થયાં. આશરે આઠે મહીને કહાનો તેની વહુ પાલીને તેડીને પાછો પાટણમાં પોતાને ઘેર આવ્યો. પાલીએ ઘર વાળી ઝપકીને સાફ કર્યું તથા પોતાનાં માબાપે સાસરવાસામાં આપેલાં લુગડાં લત્તામાંથી કેટલાંક વેચી દઇને સોંઘું સસ્તું રાચરચીલું તથા ધાન્ય ઘરમાં વસાવ્યું.

કહાનો અને પાલી પાટણમાં જઇને પોતાને ઘેર રહ્યાં પછી

કહાનાએ પણ પોતાનો ધંધો કરવો જોઇએ, તેથી તેઓ એક આ-ટી ખાણમાંથી માટી લેઇ આવ્યાં અને કહાનાએ વાસણ ઘડવા માંડ્યાં; પણ તેને તો સારસફ રહીને ખાનસાહેબ થઇને ફરવાની ટેવ પડેલી તેથી છેલબટાઉ બનીને ફરવામાં અને ટાપટીપ કરીને રોફ મારવામાં ઘણો વખત જતો એટલે બારે મહિને પરાણે એક નીંભો થાય એટલાંજ વાસણ ઘડી શકયો. તોપણ તેને રોજ એમ થયાં કરતું કે આવો માટી ચૂંથવાનો ધંધો કરવો સારો નહીં પણ કાંઇ બીજો શો ધંધો કરવો તેની તેને સૂઝ પડે નહીં એમ કરતાં એકવાર એવું બન્યું કે થોડીક બાજરી તડકે સૂકવી તેની બાયડી પાણી ભરવાને ગઇ, ત્યારે કહાનાને કહેતી ગઇ, કે હું, પાણી ભરીને આવું ત્યાં લગી આ બાજરી સાચવજે કે ચકલાં ખાઇ ન જાય પણ બઇરી પાણી ભરવા ગઇ એટલે બાઇસાહેબે ફુટુંતુટું કાચનું ચાટલું પડેલું તે હાથમાં લીધું અને તેમાં જોઇને પોતાની મૂછો આમરવા માંડી· મૂળતો શોખીન અને હાથમાં ચા-ટલું આવ્યું એટલે એતો ચાટલામાંજ બુડી ગયા; પણ પેલી બા-જરી સામું તો તેનું ધ્યાનજ ના રહ્યું, એટલે બાજરીતો ઉપર સો પચાસ ચકલાં આવીને ખાવા લાગ્યાં, પણ ચકલીઓનો સ્વભાવ એવો હોય છે કે, ખાતાં ખાતાં પણ “ ચકચક ” કર્યા કરે સા-મટી સો ચકલીનો અવાજ થવા લાગ્યો તેથી કહાનાભાઇ વરણાગી-ની સમાધીમાંથી જાગ્યા અને જુએ છે તો બાજરી ઉપર સો પોણોસો ચકલાંની ચઢાઇ થયલી જોઇ. તેણે જાણ્યું કે જો બઇરી આવશે તો કળકળાટ કરશે, માટે આ ચકલાંને તો પૂરી શિક્ષા કરું પણ ઉડતું પક્ષી પાડવું એ કાંઇ જેવી તેવી સહેલી વાત નથી. તોપણ

હાથ આગળ ચકલાં ઉડાવી તો મૂકું' એમ ધારીને તેણી પાસે એક લાકડી પડીહતી તે લઇને જોરભેર ચકલાંના ટોળામાં નાંખી તે આખા જુથમાંથી પાંચેક ચકલાંને વાગી તેથી પાંચેક ચકલાંતો મરીને જમીન ઉપર પડયાં અને બાકીનાં ફુરરરર કરતાં તે ઉડી ગયાં. કહાનાએ વિચાર કર્યો:—"અહોહો! આશું? એકજ ઘામાં પાંચ ચકલીયો મેં પાડી! મારામાં કેટલું બળ! આતો મારા જાણુવામાંજ નહોતું. આવો હું પરાક્રમી છું એતો આજેજ મારા જાણવામાં આવ્યું. આતો ફક્ત એક લાકડીએજ પાંચ માર્યા તો મારી પાસે તલવાર કે બંદુક હોય તો તો હું કેટલું મોટું પરાક્રમ કરૂં. ઓહોહોહો! મારૂં આજે ઉઘડયું, ભગવાને મારે માટે ખરેખરો મારા લાયક ધંધો શોધી કાઢયો. બસ! આપણે તો સિપાઇગિરીનો ધંધોઃ કરવો આપણે લાયક તો એજ ધંધો. બસ એક સારો કાંશકો રાખીને રોજ બાળ ઓળીશું અને સાફસફ રહીશું. અને સુરવાળ તથા લુગડાં સફાઇબંધ પહેરીશું અને આરસીમાં મોંઢુ જોયા કરીશું. ખરેખર! માટી ચુંથવી મટી ગઇ. હવે તો બહાદુર સિપાઇનોજ ધંધો કરવો" એવો વિચાર કરતો ઉઠયો તે લાકડી લેત કે આખો નીભાનો નીભા ફડાફડ લાકડીઓ લગાવતે ફોડી નાંખ્યો પછી બેઠો બેઠો વિચાર કરે છે:—" બસ અબતો સિપાઇ બન્ચે હો ગયે."

શેખચલ્લીની પેઠે કહાનો તો સિપાઇગરીનાં મોજમજાના વિચારોના હવાઇ કિલ્લા બાંધતો હતો તેવામાં તેની બાયડી પાણી ભરીને આવી. તેણે જોયું તો આખો નીભાડો તો ઠીકરાંનો મોટો ઢગલો થઇને રહેલો તેથી તે સ્ત્રીએ અત્યંત ક્રોધથી કહ્યું:—આ શી મોંકાણ માંડી? આખા વરસની મહેનત ધુળમાં મેળવી. હવે આખું વરસ

આશો શું રાખ " આપણો કહાનો ગંભીર અને હાવકો થઇને બોલ્યો:—" મુરખની પેઠે લવ લવ કરે છે, આવા કુંભારના ધંધામાં શુ ઘેબર ખાવા મળવાનાં હતા સાળી કુંભારની દીકરીની નીભાડે પુંજી? અમારે એવો ધંધો કરવો નથી. માટી ચૂંથે તારો બાપ ને ભાઈ! હું તો પરાક્રમી કૂકડ છું, માટી કોણ ચૂંથે?" બઇરી નિ-રાશામાં કહ્યું:—" ત્યારે બીજો શો ધંધો તમને આવડે છે? કોઇપણ ધંધો હાડકાં નમાવ્યા વિના તો થઇ શકવાનો નથી, એવું મોટું પરા-ક્રમ તમારામાં છે તે તમને વિના માટી ચૂંથ્યે રોટલો મળે આવા આવા કસબ કરશો તો ખોલકાની પેઠે રઝળી રખડીને મરશો! સમ-જ્યા?" આ સાંભળીને ફત્તેમંદીની સાથે કહાનો બોલ્યો —" રાં-ડી કરકશાની પેઠે લવ લવ કરે છે, શું મારામાં પરાક્રમ નથી? જા પણે પેલું ધાન સુકવ્યું છે ત્યાં, જોતો ખરી તારી આંખો ફા-ડીને! પાલી બોલી —"તમારામાં શું પરાક્રમ છે." પેલી કુંભારણે બિ-ચારીએ જોયું તો ચાર પાંચ ચકલાં મરેલાં પડેલાં જોયાં અને નિ-શ્વાસ નાંખીને બેઠી કે આ ગાંડા ધણી સાથે પાનું પડ્યું છે, તો હવે પરમેશ્વર જેમ કરે તેમ ખરૂં; તોપણ તે ધીરજવાળી બાઇએ મનમાં વિચાર્યું કે કુંભારનો નહીં તો બીજો કોઇ પણ ધંધો કરે તો સારૂં: તેથી તેણે પોતાના ધણીને પૂછ્યું:—" પણ ત્યારે તમે હવે બીજો શો ધંધો કરવો ધારો છો?" કહાનો મૂછો મરડી બોલ્યો:— "અબે રાંડ એ અબ તો સિપાઈ બચ્ચે હો ગયે. એક લકડી કે સપા-ટેમે પાંચ ઉડતે પંખી પાડે તો: તલવારકા ઓર બંદુકકા સપાટા ચલાઉંતો ક્યા ન કરૂં? અબતો મેરા નામ " પાંચમારજી." અબ તો સિપાઈ બચ્ચે હો ગયે બસ"? બઇરીએ જાણ્યું કે આતો મૂર્ખ

છે, તોપણ એવું વળણ જે તરફ હોય તે ધંધો કરે તો સારૂં કેમકે માણસ માત્રને નામનો ધંધો જોઇએ ધંધા વિનાનું માણસતો ઢોરથી પણ નકામું છે કેમકે ઢોર પણ પોતાનું કામ કરે છે તેથી બાઇ-રોએ તેના વળણનો લાભ લેઇને કહ્યું કે:--"જો તમે મારી સલાહ પ્રમાણે ચાલો તો તમને બંદુક તલવાર બધું મળે અને સિપાઇગિરીની નોકરી પણ મળે." મુર્ખ કહાનાએ તેની સ્ત્રીની સલાહ પ્રમાણે ચાલવાની હા કહી ત્યારે તે સ્ત્રીએ કહ્યું કે---" આપણે દિલ્હી જઇએ કેમકે ત્યાં બાદશાહી છે તેથી હરકોઇ ઠેકાણે સિપાઇઓના બેડામાં તમે દાખલ થઇ જશો"આવો ઠરાવ કરીને કહાનાએ તથા તેની સ્ત્રીએ પોતાના ગધેડા ઉપર પોતાનો જે થોડો સરસામાન હતો તે બાંધી લીધો. અને એક ઘાએ પાંચ ચકલાં પાડયાં તેને ચોથે રોજ સવારમાં આપણા કહાનાજી ઉરફે પાંચમારજીની સવારી પાટણથી દિલ્હી જવાને માટે ઉપડી.પાસેનો સરસામાન વેચી ખાતો જ્યારે તે દિલ્હી આવી પહોચ્યો ત્યારે તેની પાસે આશરે રૂપિયા ૪૦—૫૦નો અસબાબ રહયો હતો. વેનો ગધેડો તેની પાસે રહયો હતો. દિલ્હીમાં પેસતાં પહેલાં ભાગોળેથી પેલા ગધેડાને તો છુટો મુકી દીધો. અને પેલો અસબાબ બોરતે પોતે માથે ઉઠાવી લીધો. અને એક ધર્મશાળામાં મુકામ કરયો પેલી સ્ત્રીએ તેની પાસેનો સઘળો અસબાબ વેચી દેવા ગોઠવણ કરી. તેના રૂપિઆ ૪૦)જ ઉપજ્યા તેમાંથી રૂપિઆ પચીસ લઇ કુંભારણે તેના ધણી કહાનાને આપ્યા અને કહ્યું કે તમને ગમે તેવાં સારામાં સારા અને કિમતીમાં કિમતી લુગડાં એક દિવસને માટે કાલ સવારમાં જઇને ભાડે લઇ આવજો. તેથી કહાનો તો ખુશી થયો કે કાંઇ નહી તો એક આખો દિવસ તો કોઇ રાજા-

કુમાર જેવો બભકો મારવાનો મળશે. આપણે પ્રથમથી જાણીએ છીએ કે આપણાં કહાનાભાઇને છેલબટાઉ થઇને ફરવાનું ઘણું ગમતું હતું પછી તેની સ્ત્રીએ તેને કહ્યું કેઃ—' તમે કોઇને હાલ એમ કહેશો નહીં કે હું તમારી પરણેતની સ્ત્રી છું; પણ તમે તો એમજ કહેજો કે આ તો મારી સાથે કામ કાજ કરનારી ઓરત છે.' કહાનો કહે કે ઠીક. બીજે દીવસે વહાણું વાતાંજ કહાનાભાઇતો ઝિ-ઠવા તેવા દાતણ પાણી કરતે કે બજારમાં ગયા, અને એક મોટા વ્યાપરી લાખો રૂપિયાનાં જરીયાનનાં કપડાં કરીને ભાડે ફેરવતો હતો તેની દુકાને ગયા અને કહ્યું કેઃ—" આજના દિવસ માટે ફક્કડ લુગડાં મને ભાડે આપો તમે ભાડું શું લેશો ?" ત્યારે વ્યાપારીએ ઉત્તર દીધો કેઃ—"રૂપિયા પચીસ રોકડા લેઇશ." ત્યારે કાહાનાએ તે પ્રમાણે રૂપિયાઆપવાનું કબુલ કરયું.રૂપિયા કહાનાએ આપ્યા કે તરતજ તેનો તે વ્યાપારીના નોકરે બરોબર લુગડાં પહેરાવ્યાં પછી કહાનો જવા લાગ્યો ત્યારે તે વ્યપાપારીએ પોતાના ચાર પાંચ સિપાઇઓને તેની સાથે ફરવાની સુચના આપી કે કિમતી કપડાં પહેરીને કહાનાભાઇ વટાણા વાવી ન જાય. કહાનો તો મોટા રાજા જેવો પોશાક પહેરીને તથા આગળ પાછળ ચાર પાંચ સિપાઇઓ લેઇને આશરે દશેક વાગતાં પોતાની ઓરત પાલીની પાસે આવા ઠાઠમાઠ સાથે ધર્મશાળામાં આવ્યો. ઓરતે પ્રથમથી બજારમાંથી બે રૂપિયાની મિટાઇ આણી મુકી હતી, તેમાંથી તેના ધણીને ખવરાવી તથા બાકીની મીઠાઇ પેલા સીપાઇઓને ખવડાવી.' એટલે તે સીપાઇઓએ બાઇને પૂછ્યું કે તમે કોણ છો, અને આ મરદ કોણ છે ? તે કુંભારણે કહ્યું કેઃ—"આતો પાટણના

ખાનકાન મોટા અમીર છે, અને એતો રાણાજી કહેવાય છે. હુ તે-મની દાસી છુ. કેટલાક વખતથી દીલ્હીના બાદશાહ તેમને મળવાને આવવાને કાગળ લખતા હતા. તે ઉપરથી ૨૫-૩૦ માણસના રસાલા સાથે પાટણથી અમે અહીં દીલ્હી આવવા નીકળ્યાં. અમીરનાં બૈરાં બહાર નીકળે નહીં તેથી એમની તબીયત સંભાળવાને મને અમારાં બાઈસાહેબે આમનીસાથે મોકલીછે રસ્તામાં આવતાં રોગ ચાલવાથી અડધી મજલે જંગલોમાં માણસો તથા જનાવરો વગેરે મરી ગયાં જંગલમાં રજળતાં રખડતાં અમે અહીં આવીપહોંચ્યાં. તેથી બાદશાહની મુલાકાતે જતાં જેવાં સારાં લુગડાં અસબાબ પણ જંગલમાં પડતો મુકીને અહીં આવી પહોંચ્યાં છીએ; કેમકે એકવાર બાદશાહની મુલાકાત થઇ એટલે તો અમારે કશી વાતની ન્યુંનતા નથી રહેવાની; અને ઘેર પાછા જઇશું ત્યાં તો પરમેશ્વરની કૃપાથી કાંઈવાતની કમીજ નથી" સિપાઇઓમાંના એકે પુછ્યું:-"તો રાણાજી સાબકા નામ કયા?' આપાણી કુંભારણ પાલીએ જવાબ દીધો:—'અહો એમનું નામ તો આખા મુલકમાં જાહેર છે, એમનું નામ તો રાણાજી પાંચમારસિંગજી છે,' સિપાઇઓ માંહોમાંહે વાતો કરવા લાગ્યા:-'યાખુદા બડે આદમી કે નામભી કેસે કેસે હોતેહે દેખો યારો! પાંચમારસિંગજીકાં નેક નામ તો રોમસોમકી બાદશાહી તલક મશહુર હૈ અરે દેખોજી! હમારે બડે બાવે નિયામતખાનજી જે ગુજર ગયે વો પાંચમારસિંગજીકા નેકનામસેં વાકેફગારથે. અરે ભાઈ! ઉનકી ખાનદાની આપે દેખ પડતી હૈ. ઇત્તિ મુસીબત મુસાફરીમેં હુઇ હૈ તોભી ટંકકા પંદર શેર મિઠાઇ ખરચી ઉડતાહૈ. અલા હોલવેલા અમીરોકાતો કામે વૈસાહૈ. અમીરોમે રહેતે સુતે ઇમેરકાંયે જઈરી આદહૈ

મિયાં." એ રૂપિયાની મીઠાઇએ તો એક કુંભારનો મોટો રાણો બનાવ્યો ! પૈસા એ નેપ્રસાદથી આ સંસારમાં મોટું વશીકરણ ચાલેછે. બરછીનો માર્યો ઊંચું જુવે અને કડછીનો માર્યો હમેશાં નીચું જુએ છે

એમ કરતાં અગિયાર વાગ્યાનો વખત થયો એટલે પેલા સિપાઇઓને કુંભારણ પાલીએ પૂછ્યું કેઃ—"રાણાજી સાહેબને બાદશાહની મુલાકાત માટે જવું છે, તો હવે બાદશાહની કચેરીમાં તખ્ત ઉપર બાદશાહ આવીને બિરાજ્યા હશે, કે હજુ વાર છે ?" પેલા સિપાઇઓમાંથી એક કહે કેઃ—"બડે આદમીકું ખોટી હોના પડે વો-એઠે હૈ કે દેર હૈ." પેલો સિપાઈ બાર વાગ્યાના સુમારમાં ખબર લેઇને આવ્યો કે બાદશાહ દરબારમાં કચેરી ભરીને તખ્તપર બિરાજ્યા છે; એટલે પેલી કુંભારણે કહાનાને શીખવી ભણાવીને પોપટ જેવો કરી રાખ્યો હતો તેને બાદશાહની પાસે જવાને કહ્યું કહાનો તઇયાર થએલો હતો તેવો ભાડાના પોશાકથી અને ભાડાની હાથમાં પકડેલી સોનેરી મુઠની તલવારથી કોઈ બાદશાહ જેવો ભભકો મારતો નીકળ્યો; અને પેલા સિપાઇઓ તો તેની મીઠાઈ ખાધેલી જીભે "સાહેબ, હજરત, જનાબ," એવા એવા શબ્દો કહીને તેના તેહેનાતી સિપાઇયો જેવા થઇ પડ્યા. એમકરતાં કહાનજી ઉરફે રાણાજી શ્રી પાંચમારસિંગજી બહાદુરની સવારી ઠેઠ બાદશાહી દરબાર લગી આવી પહોંચી.

બાદશાહી દેવડીપર હમીરખાં, શેરખાં, બશેરખાં, સમશેરખાં, ચમરખાં, પગરખાં, વગેરે અનેક સિપાઇઓ બેઠેલા તે તો આપણા રાણાજીશ્રી પાંચમારસિંગજીના ભભકામાં અંજાઈ ગયા; અને ઠેઠ બાદ-

શાહની પાસે તખ્ત પાસે જે ખાલી ખુરશી શાહજાદા ની હતી, તેના પરજ સલામ કરતે કે આપણો કહાનોજી તો બેઠી ગયા. બાદશાહે જાણ્યું કે આ કોઇ મોટો માણુસ છે તે કાંઇ કામ માટે આવ્યો હશે તેથી તેને મસલતના દિવાનખાનાંમાં લેઇ ગયા. ત્યાં બાદશાહે પુછયું કે તમે કોણ છો? અને ક્યાંથી શા કામે આવ્યા છો? કહાનો કહે કે —" ખુદાવિંદ હું ચક્રવર્તીના વંશમાં જન્મેલો હું પણ દુનિયાની સાહેબી રોજ એક સરખી નથી રહેતી તેથી મારે ચાકરીની ઇચ્છા છે! અનેક મોટા; રાજા મહારાજાઓએ મને રાખવું કહ્યું પણ હું ચક્રવર્ત્તી રાણાના વંશનો એ સૌની નોકરી કરૂજ નહીં તેથી દીન દિલ્હીના પાદશાહ કે જે અમારા માલિક થવાને લાયક ગણાય તેમના કદમ આગળ હું આવ્યો છું. પણ મારાલાયકજ જો નોકરી હશે તો રહીશ, નિકર મારા ઘરની ખાનદાનીની મારે કાંઇ કમી નથી." પછી પાદશાહે કહ્યું કે હું દિવાન સાથે વિચાર કરીને તમને કાલે જવાબ દઇશ, તમો કાલે આ વખતે મારી પાસે આવજો આ પ્રમાણે કાહાનાભાઈની મુલાકાત બાદશાહે લીધી, અને દરબારમાં ખુદ શાહજાદાની બેઠકે તેને બેસવાનું માન મળેલું તે વાત પેલા સિપાઇયોએ તરત જઇને તેઓના શેઠને કહી, તેથી શેઠે જાણ્યું કે મારે ઘેરથી પોશાક ભાડે લેઈ જનાર માણસ ખરેખર કોઇક મહોટો માણુસ છે માટે ચાલ હાલ શરૂઆતથીજ તેમની સાથે ઓળખાણ કરી લેઉં કે કોઇવાર આગળ જતાં તે ઓળખાણ કામમાં આવી જાય, તેથી દરબારમાંથી પોતાના ધર્મશાળામાં રાખેલા મુકામ ઉપર આપણા કુંભારભાઇ આવ્યા ત્યાં પછી થોડીજ વારમાં પેલો પોશાક ભાડે આપનાર વેપારી શેઠ મેવાના થાળ વગેરે ભરીને તથા

કેટલીક કિંમતી ચીજોની ભેટ સોગાત લેઇને ધર્મશાળામાં આવ્યો પેલા કહાનાની તહેનાતમાં રહેનાર તે શેઠનાજ સિપાઇઓ હતા, તે માંથી એકે આવીને કહ્યું કેઃ—"રાણાજી સાહેબ! અમારા શેઠ આપને સલામ કરવાને આવેલા છે." પેલી કુંભારણે કહ્યું કેઃ—"શેઠને કહો કે થોડી વાર ઠેરો. રાણાજી સાહેબ હમણાંજ દરબારમાંથી પધાર્યા છે. તેથી પોતાને શ્રમ પહોંચ્યો છે. જરીક પાન, સોપારી, હોક્કો આરોગી મુખ પખાલી લે એટલે શેઠજીને રાણાજી સાહેબની હજુરમાં બોલાવીએ" સિપાઇએ જઇને તે પ્રમાણેજ કહ્યું અને શેઠના મનમાં રાણાવિષેનો ભરમ હતો તે વધારે મજનદાર થયો. કુંભારણે ભાડે આણેલી બિછાત ઠીકઠાક કરીને રાણાજીને મોટી ખાનદાનીવાળા ઠાઠથી ત્યાં બેસાડ્યા અને સિપાઇને હાક મારીને કહ્યું:—"શેઠજી અત્રે પધારવા રાણો ફરમાવે છે." શેઠજી જાણે ખુદ બાદશાહની હજુરમાં રજુ થતા હોય તેમ વેગળેથી વાંકા વળીવળીને સલામો કરતા કરતા આપણા કુંભારરાણાની પાસે આવ્યા પેલી કુંભારણે રોજ ટોકી ટોકીને શીખવી રાખેલી અતિ ખાનદાની ભરેલી સભ્યતાથી "પધારો શેઠજી! તબિયતતો બહાલ છે?" વિગેરે આવકારના શબ્દો કહ્યા. પાસે ઘુંમટો તાણીને મોટી મર્યાદાવાળી દાસી હોય તેમ પેલી કુંભારણ પણ રાણીની હજુરમાં હુકમ ઝીલવાને તૈયાર થઇને ઉભેલી હતી. શેઠે પોતે આણેલા મેવાના થાળ તથા ભેટની વસ્તુ રાણાજી પાંચમારસિંહજીની આગળ ઘણા માનની સાથે મૂકી અને બોલ્યો કેઃ—"રાણાજી સાહેબ! આપે મારી દુકાને આવીને આપનું નામ જાહેર કર્યું નહોતું તેથી આ તાબેદારની એક મોટી કસુર થયેલી, તે માફ કરશો. અમારા બાપના બાપ પન્નાલાલજીને તો આપના કુટુંબ

સાથ મોટી મહોબત હતી, પાટણના રાણાજીનું કુટુંબ તો અમારા ઘર જેવું ગણાય. પણ આપે કાંઇ પણ ઓળખાણ કાઢી નહીં એટલે આપને હું ઓળખી શક્યો નહીં, અને તેથી આપની પાસેથી લુગડાંના ભાડાના પૈસા મેં લીધા છે, તે હવે મને આપની ઓળખાણ પડી છે એટલે રૂપૈઆ પાછા રજુ કરૂં છું, તે અંગીકાર કરવાની કૃપા કરશો અને: થયેલી એ અદબીને માટે દરગુજર કરશો, " રાણાજી તો આ શેઠની સભ્યતાનો પ્રત્યુત્તર વાળી શક્યો નહીં, પણ પેલી પાલી જે આ વખતે દાસી તરીકે પાસે હાજર હતી, તે સમજી ગઇ કે વાણીઓ કાંઇ મોખમાં ઓળખીતો થવાને માગે છે, આપણે પણ સાવધતાથી તેનો લાભ લેવા ચુકવું નહીં. તેથી પાલી પણ યુક્તિથી બોલી:—"પોતે રાણાજી સાહેબને એ બાબતની ઝાઝી માહેતગારી નથી, પણ મારાં બાઇસાહેબ (રાણાજીની વહુ)ઘરના વ્યવહારમાં ઘણાં કાબેલ છે, અને તેઓ રાણાજીના કુટુંબની સાથે નાતો ધરાવનાર સઘળાં માણસોને બરોબર ઓળખે છે. તેમને મોઢેથી મેં દિલ્હીવાળા પન્નાલાલજીના કુટુંબસાથે રાણાજીના કુટુંબને ઘણોજ ઘરોબો છે એ વાત વારંવાર સાંભળેલી છે. અહો ! આપજ તે પન્નાલાલજીના વંશમાં છો? ઘણીજ ખુશીની વાત છે ! " પછી પાલીએ કહાનાને કહ્યું કે:—" આ શેઠનાં ઘરડાં સાથે તો આપના કુટુંબને ઘરડાંના વખતથી ઘણો ઘણો ઘરોબો છે; માટે આ શેઠજી સાહેબને ઉભા થઇ ભેટીને આપણા રિવાજ પ્રમાણે તાજમ આપો."

તેથી પાલીના હુકમ પ્રમાણે રાણાજીનો વેશ ભજવનાર આપણો કહાનોજી તે શેઠને ઉભો થઇને હાથથી હાથ મેળવીને ભેટયો. પછી શેઠે પેલા લુગડાં લત્તાંના ભાડાના રૂપૈયા પાછા આપવા માંડ્યા, અને

આગ્રહ કર્યો ત્યારે પાલી બોલી ઉઠી:–" શેઠજી! એ બાબતનો આગ્રહ કરવા જવા દો. રાણાજી સાહેબના કુળની રીત્ય છે કે એકવાર કાંઇ પણ આપ્યું તે પાછું લેવુંજ નહીં. એ વાત આપ ક્યાં જાણતા નથી. વળી રાણાજી તોઆપને આપવા યોગ્ય છે, અને આપતો લેવા યોગ્ય છો; એમનાં ઘરડાં આપતાં આવ્યાં છે અને આપનાં ઘરડાં લેતાં આવ્યાં છે, માટે એ વિષે મનમાં કશો સંકોચ રાખવાનું કારણ નથી, આપનો અને એમનો જે ઘરોબો છે તે કાંઇ જતો રહેવાનો છે?" આટલું કહીને પાલી પડદાની પાછળ જઇને પ્રથમથી મંગાવી રાખેલાં પાન સોપારી તથા ફુલના હાર વગેરેની તાજી છાબો લેઇને આવી. એટલે પેલા શેઠ કે જે રાણાજીની સાથે ઘરોબો કરવાને ઇચ્છિતા હતા, જેમને હવે રાણાજી સાથે ઘરોબો થઇ ગયો હતો, તે બોલ્યા કે:–" જો આ રૂપૈયા આપને પાછા ન લેવા હોય તો આપની મરજી આપની ખાનદાનીનો નિયમ તોડવવાને હું આગ્રહ કરતો નથી, પણ મારી એક અરજ તો મંજુર કરવી પડશે. બાકી એમને એમ આ સેવકને પાનં ગુલાબ આપીને વિદાય કરવો હોય અને આપનાં ઘરડાંનાં વખતનો ઘરોબો હક નજ રાખવો હોય તો આપની મરજી પણ પન્નાલાલજીના દીકરાના દીકરાનું માન રાણાજી રાખ્યા વિના રહેશે નહીં એવી મને સંપૂર્ણ ખાતરી છે. હવે મારી એટલીજ અરજ છે કે મારાં દિલ્હીમાં અનેક મકાનો છતાં આપ જેવા સ્નેહી આવી ધર્મશાળામાં મુકામ રાખે એ ઠીક નહીં. આપના જેવા ભાગ્યશાળીને જ્યાં હોય ત્યાં સઘળી બાબતની સોઇ મળી આવે પણ અહીં મુકામ રાખો તેમાં મારૂં શું સારૂં દેખાશ? માટે આપ મારા વિશાલ બાગમાં બંગલો છે ત્યાંજ મુકામ

રાખો. આપને કોઇ બાબતની ત્યાં અડચણ પડશે નહીં. મારાથી બનતી ચાકરી હું કરી છુટીશ પણ આટલી વિનંતિતો આપ મારા ઉપર ખાસ મહેરબાની કરીને સ્વીકારો." શેઠજીની આ વિનંતી સાંભળીને કહાનો તરતજ સમજ્યો કે આતો બાગબંગલામાં રહેવાનું અને પારકી પરોણાગત ઉપર પકવાન જમવાનું મળ્યું, તેથી એકદમ બોલી ઉઠયો કે:—" હા ! અમે ખુશીની સાથે આવીશું." પાલી ઉપમા વધારવાને માટે બોલી:—"પોતે બધુ સમજે છે. શેઠજી ! જોયું આપને રાણાજી સાહેબે ઓળખ્યા એટલે પોતે અરજ પણ કરી છે પોતાને હકીકત જાણવામાં આવવી જોઇયે. પોતાનો વિવેક પણ પોતાના ઘરડાઓના જેવોજ છે" શેઠજી ખુશી થઇને બોલ્યા " એમાં શો શક ? રાણાજી સાહેબ કાંઇ ઓછા બુદ્ધિમાન છે ? વળી વધારે ખુબીની વાત તો એજ છે કે પોતાની પાસે પણ તમારા જેવું અસલની હકીકત જાણનારૂં માણસ છે" પાલી યુક્તિસર બોલી:—" એ બધો પ્રતાપ અમારા રાણાજી સાહેબનો છે તેમની પાસેજ રાત દહાડો રહેવાથી આ બધી માહીતગારી મને મળી છે. અમારાં બાઈ સાહેબ, માજી તથા મોટા માજીના હાથ નીચે નાનપણમાંથી ઉછરેલાં તેથી સઘળા જુના નાતાઓ સારી પેઠે જાણે છે. અને અમારાં બાઇસાહેબની તાબેદારી ઉઠાવ્યાનો મને લાભ મળ્યો છે." શેઠે પાલીની તારીફ કરી; અને પાલીએ શેઠજીની તથા રાણીજીની યુક્તિસર તારીફ કરી પછી પાલીએ રાણાજી પાસે શેઠજીને પાન, ગુલાબ, અત્તર અપાવ્યાં અને શેઠજીએ પોતાનાં માણસોને બોલાવીને તથા વાહન વગેરે ગોઠવણ કરીને રાણાજીનો મુકામ તે ધર્મશાળામાંથી ફેરવાવી પોતાના બાગમાં બંગલામાં કરાવ્યો, હવે

રાણીજીના દરજ્જાને છાજે તેવી સઘળી ગોઠવણ આપણા કહાનજી ઓઝાને મળી. શેઠે ખાવા પીવાની, ઓઢવા પહેરવાની સઘળી ગોઠવણ કરી આપી. હવે રાણીજીનો ડીમાક ખરેખરો જામ્યો પણ કહાનજીને તેને વેશ ભજવાનું શીક્ષણ આપનારી તો પાલીજ હતી.

બીજે દીવસે ઠરાવેલે વખતે કહાનો પછી શેઠનીજ બગીમાં બેશીને બાદશાહની પાસે ગયો. બાદશાહે દીવાનની સાથે એકાન્તમાં આપણા પાંચમારસીંહજીની મુલાકાત લીધી, અને પુછયું કે તમે શું દરમાયો લેશો. ત્યારે તેણે કહ્યું કે હું તો બાર માસે સવાલાખ મહોરો પગારમાં લેઇશ અને જે કામ કોઇ પણ કરી શકશે નહીં તે કામ કરવાનું મારે માથે રાખીશ. આવો ભારે સુશારો સાંભળીને બાદશાહ અને દિવાન લાંબા વખત લગી વીચારમાં પડયા. છેવટે દિવાને બાદશાહને કાનમાં કહ્યું કેઃ—" લાંબી રકમ ઉપરથી આપણે જીવ સંકોચવો નહીં, પણ માણસમાં શો ગુણ છે તેની તો એકવાર પરીક્ષા કરી જોઇએ; માટે આ માણસ આપણે રાખવો તો ખરો. પછી જો તે તેવો લાયક નહીં માલમ પડે તો તેને કાંઇ કારણ કાઢીને રજા આપીશું, પણ જો મોટા પગારના સબબથી આપણે તેણે નહીં રાખીએ અને કોઇ ગુણશોધક નાનો રાજા કે મહારાજા રાખશે તો એકવાર તો આપણી નખસ જશે. માટે તેને રાખવો તો ખરો " દીવાનનો આ વિચાર બાદશાહને પણ યોગ્ય લાગ્યો. તેથી બાદશાહે કહ્યું કેઃ—"જુઓ પાંચમારસીંહજી ! તમારા કહેવા પ્રમાણે તમારો પગાર અમો આપીશુ. અને જ્યારે કોઇ કામ એવું આવી પડશે કે કોઇ પણ માણસ કરી નહીં શકે ત્યારે તે કામ તમારે કરવું પડશે. પણ જો તમે તે કામ કરી શકશો નહીં તો

પછી અમે તમને અમારી નોકરીમાં રાખી શકીશું નહીં. આ કારણથી અમે તમને આજ રોજથી નોકરીમાં રાખ્યા છે. અને બાર માસની સવા લાખ મહોરોને હિસાબે દરમાસે જે રકમ થાય તે તમોને દરમાસે તમારી સ્થિતિ પ્રમાણે રહેવાને માટે મળે જશે. તમારૂ નામ પાદશાહી ખાસ નોકરોના તખ્તમાં નોંધવામાં આવશે.” બાદશાહના ખાસ અમલદાર તરીકે કહાનાભાઇનો નીમ થયો અને તેમને તો તેમના હોદ્દાનો પોશાક બાદશાહે તરતજ દરબાર ભરીને બક્ષાવ્યો. તે પોશાકનાં ઝળહળતા પાંચમારસિંહજી રાણાજીતો પોતાના મુકામ ઉપર આવ્યા. તરતજ બાદશાહી જાસુસોએ આવીને પાંચમારસિંહજીને ખબર આપી કે આપને રહેવાને સારૂં દરબારી મકાનોમાંનું એક ભવ્ય મકાન તમારા હોદ્દાને છાજે તેવું તૈયાર કરવામાં આવ્યું છે ત્યાં આપનો અસબાબ વગેરે લઈ જવાને અમે આવ્યા છીએ અને આપ પણ ત્યાં પધારો.

ગામમાં ઘર નહોતું અને સીમમાં ખેતર નહોતું તે કહાનિયા કુંભારના તાબામાં રહેવાને માટે મોટા અમીરને શોભે તેવી હવેલી આપો, પગાર પણ મ્હો માગ્યો મળ્યો અને જ્યારે કોઇ પણ કરી શકે નહીં ત્યારે તેવું કામ કરવાનો વારો આપણા પાંચમારખાનજીનો આવે, નિકર સવાર સાંજ બે વખત ટેડી પાઘડી મુકી સોનારૂપાની મુઠવાળી તલવારો લેઇને બાદશાહને સલામ કરી આવે અને આખો દીવસ પાલીના મોઢાસામું જોઇને બેસી રહે તથા શરીરની ટાપટીપ કર્યા કરે. આ પ્રમાણે કુંભાર ભાઇ તો પૂરેપૂરા સુખમાં પડ્યા અને તેમણે પહેલાં જે સુખની ઇચ્છા કરી હતી તેવુંજ સુખ દૈવ ઇચ્છાથી મળ્યું આ પ્રમાણે બે ત્રણ માસ તો આનંદમાંજ નિશ્ચિંત,

બણુ ગયા, કેમકે દરમાસે પગાર મળે અને કામ તો કશું પણ કર-
વાનું આવે નહીં શાથી કે જ્યારે કોઇથી પણ કામ ન બને ત્યારે
તેવું કામ કરવાની ફરજ આપણા કહાનાને માથે આવે અને દિલ્હી
ના જેવા દરબારમાં અનેક માણસો અત્યંત કુશળતા ધરાવનારા જો-
ઇએ તેટલા તેથી કોઇ પણ કાર્ય કરનાર કોઇ પણ મળીજ આવે અ-
ને કહાનાભાઇનો વારોતો આવેજનહીં. પાલીએ બાદશાહની આગળ
કહાનાએ શું કહેવું તે એવીજ યુક્તિથી કહાનાને શીખવ્યું હતું કે
કાંઇ નહીં તો થોડાક સમય લગી તો બેઠે બેઠે પગાર ખાવાનું મળે.
અને પોતાની પાસે એટલી પુંજી થઇ જાય કે ગરીબીથી રહે તો
આખો જન્મારો ચાલે ત્રણ માસ ગયા એટલામાં કહાના ભાઇની પા
સે તો આશરે દશ હજાર મ્હોરની દોલત થઇ પણ એમ બેઠે બેઠે
ખાવાનું ઝાઝા દીવસ નબેજ નહીં એ કુદરતનો નીયમ છે જેમ
મોટા હોદ્દા અને મોટા રાજ્યમાં નોકરી તેમ આ પ્રમાણે ઢોંગથી
બેઠા બેઠા ખાનારનું ટકું વધારે લાંબો વખત ચાલે છે. ગમે તેટલો
વખત ચાલે પણ છેવટે તો તેમનું હજારો દિવસ બેઠે બેઠે ખાધેલું
નીકળી જવાનો વખત એક વાર આવે છે. અને તે પણ એકેજ દી-
વસે સોએ દીવસનું ખાધેલું નીકળી જાય એવોજ વિકટ વખત આ-
વે છે. કહાનાભાઇને પણ એવોજ વખત પાસે આવી પહોંચ્યો.

દિલ્હીમાં એક વાર એવું બન્યું કે એક વાઘ એવો ખંધો અને
માણસ ખાણ થયોકેરાત્રે ગુપચુપ આવીને એક એક માણસને રોજ
મારી નાંખે, પણ દીવસે તો ગમે તે ખેતરમાં કે ટેકરામાં જઇને બે
શી રહે અને બારણે દેખાઇ દે નહીં, તેમ રાત્રે પણ ઘણીજ ચુપ
કીથી એ વાઘ માણસનાં ખુન કરીને જતો રહે તો આથી આખી

દિલ્લીમાં હાહાકાર વર્ત્તવા માંડ્યો હતો. બાદશાહે ઘણાની મોટા મોટા શુરવી અને કાબેલ માણસોને ઠેકાણે ઠેકાણે રાતે પહેરા ઉપર મૂક્યા અને બંદોબસ્ત રખાવ્યો પણ જાનવરની જાત ઘોર અંધારામાં ગમે તે રસ્તે આવી જે કોઇ એકલ ડોકલ માલમ પડે તેને મારીખે નાં તેથી જનાવરના સામે તે મોટાં બળવાન અને શૂરવીર માણસો પણ શું કરી શકે ? અને વળી એ વાઘનો કોઇને ભેટો થાય તોજ તે માણસ પોતાનું શૌર્ય કે બળ બતાવી શકે. પણ જ્યાં ચુપચૂપ આવીને એકલ ડોકલનો રોજ સંહાર વાળે ત્યાં શૂરાનું શૂરવીરપણું અને બળવાનનું બળ શા કામમાં આવે ? તેથી છેવટે કોઇનું ન ચાલ્યું અને બાદશાહ તથા લોકો એ વાઘથી તોબા તોબા પોકારી ગયા. છેવટે લોકોના પોકારથી બાદશાહ ઘણા દિલગીર થયા, ઘણા ઘણા માણસોએ ઘણા ઘણા ઉપાયો યોજ્યા પણ તે વાઘનો અંત આવ્યો નહીં. તે વાઘના કપાળ ઉપર કાળું ટીલું હતું તથા તે ટપ લેતો કે છાનો માનો માણસને મારી નાંખતો તેથી લોકોએ તેનું નામ "ટીલીઓ કાળ" પાડ્યું હતું. એકવાર લોકોના આગેવાન શેઠીઆઓએ આવીને બાદશાહને કહ્યું કેઃ—

"અમને આ ટીલીઆ કાળના કાળા કેરમાંથી ઉગારો નિકર તમારૂં બાદશાહાપણું છોડીને કોઇ એવા પુરૂષને બાદશાહ બનાવો કે જે આ વાઘના જુલમથી રૈયતને છોડાવીને સુખ કરે." તેથી બાદશાહ અત્યંત શોકાતુર થયા અને પોતાનું ખાણું પણ ખાધું નહિં. આ વાતની બડી બેગમને ખબર થઇ તેથી બાદશાહની પાસે તે આવી અને બાદશાહને ખાણું નહીં ખાવાનું કારણ પૂછ્યું ત્યારે બાદશાહે બધી હકીકત માંડીને કહી બેગમે કહ્યું કે આમાં આપ શું કરવાને

આટલા બધા ગમગીન થાવ છો. આપને આટલા બધા મોટા પગારનાં અનેક નોકર છે તેમને કહો કે તે લોકો વાઘ મારે. પછી બાદશાહે એવા મોટા પગારદારનું એક નોંધણ તૈયાર કરાવ્યું અને દરરોજ એક એક અમલદારને તે વાઘને મારવા હુકમ ફરમાવવા માંડયો. તેમાં સૌથી છેલ્લું નામ આપણા કહાનજીનું પણ હતું જ્યારે એ કોઇપણ અમલદાર એ કરી શકે નહીં ત્યારે એને એ કામ કરવાનો વારો આવવાનો. આ પ્રમાણે રોજ એક એક અમલદાર વાઘને મારવા જાય પણ વિલે મોઢે પાછો આવે. હવે બે ચાર દિવસમાં કહાનજીનો પણ વારો આવવાનો હતો તેથી પેલી પાલીએ વિચાર્યું કે:—" હવે ફજેતી લુંટાવાનો વખત પાસે આવ્યો છે. અને આ કુંભાર રાણાજીથી કાંઇ વાઘ મરાય તેમ નથી, માટે પ્રથમથી આજકાલ રાતમાં અહીંથી પલાયન કરી જઇએ. તો પાસે જે બારતેર હજાર મહોરો થઇ છે તે સલામત રહે અને ફજેતીમાંથી પણ બચી જવાય. વખતે રાણાજીનું પાણી બાદશાહના જાણવામાં આવી જાય તો પછી આપણી પાસે જે કાંઇ મુડી થઇ છે તે પણ લુંટી લે પણ જો આ ને આ વેશે આ ને આ ઠાઠથી નાસીએ તો રસ્તામાં કોઇ તરત ઓળખીને પકડી લે માટે હવે તો એવીજ યુક્તિ કરવી કે પાછા કુંભારનો વેશજ લઇને અહીંથી આ બધી મહોરો લઇને રાતોરાત નાશી છુટવું. જે મળ્યુ તે આપણું હવે ઝાઝો લોભ કરવા રહેવું નહીં. કેમકે " અતિલોભ એ પાપનું મૂળ છે." તેથી રાતની વખતે પાલીએ એકાંતમાં આપણા છેલબટાઉ કહાનાને કહ્યું કે:—" હવે તો આપણે અગીઆરા ગણીએ તોઠીક" કહાનો કહે કે:—" રાંડ આવી ચેનબાજીમાંથી તે વળી આપણે શું કરવા જ

ઇએ ?" પાલીએ કહ્યું:—'ત્યારે તમારે વાઘને મારવાને ચઢવું પડશે, એટલું પ્રાક્રમ તમારામાં છે ? પેલા પાંચ ચકલાંને મારીને પાંચમારસિંહજી થયા તેનું પરાક્રમ કંઇ વાઘ આગળ ચાલશે ?" મોટા વિચારમાં પડીને કહાનો બહેબાકળો બોલ્યો;—સાલી બઇરીની અક્કલ પાનીએ, હું વાઘ મારવા જાઉં વાઘ તને મારે કે મને? હું બેવકુફ હોઇશ કે વાઘને મારવા જાઉં ?" પ્યારી મશ્કરીમાં બોલી:—" ત્યારે આ મોટી તલવારો અને બંધુકો શું કરવા બાંધો છો ?" કહાનો મુછે તાર દેઇને બોલ્યો:—"રાંડ મારૂં કહ્યું ન માને તો એક ચપટીમાં માખની પેઠે આ તલવારને બંધુકથી તને તો મારીજ નાંખું, તેટલા માટેજ આ હથીયાર રોજ પાસેને પાસે રાખું છું." પાલી કહે—"ખરી બહાદુરી તો મારા સામેજ કરવાની છે ને ? પણ કહોને વાઘ નહીં મારી શકો તો બાદશાહ તમને લુંટી લેઇને કાઢી મુકશે તો પછી શું કરશો ?"

કહાનો પાછો મોટા બ્રહ્માંડ જેવડા વિચારમાં પડ્યો અને બોલ્યો:— "ત્યારે તો તું જેમ કહે તેમ કરીએ. પણ આવી અમન ચેન પછી——" પાલી કહે:—હાલ મારી પાસે જે મુડી એકઠી થયેલી છે તે લેઇને જો નાશી જઇશું તો પાછાં આપણે એવાંજ સુખમાં રહીશું. પણ અહીં રહ્યાં તો ફજેત થઇને પાછાં હતાં તેવાંજ દુ:ખી થઇશું, માટે તમને ગમે તેમ કરીએ." કહાનો કહે:— "ત્યારે તો જેમ તું કહે તે પ્રમાણે કરવાને આપણે તૈયાર છીએ." પાલીએ કહ્યું:—" ત્યારે તમે અત્યારે જઇને એક ગધેડો પકડી લાવો. મેં આપણી મહોરોનું ઝવેરખાનું વેચાતી લેઇ રાખ્યું છે તે એ ખોલકાની ગુણમાં નાંખી, ઉપર માટી ભરીને આપણે બંને આપણાં

પ્રથમના કુંભાર સઘળી લુગડાં પહેરીને કુંભાર બની ચાલ્યા જઈશું." કહાનો એકદમ ચીડાઇને બોલ્યો:—"જા જા હવે દોઢ ડાહલી! હું ફક્કડ જવાન પાછો કુંભાર પોશાક પહેરૂં કે? જોઇ જોઈ હવે તારા જેવી તો બહોતેર હજાર આવે છે!" પાલી પોતાના ધણીની મૂર્ખાઇ જોઇને હસીને બોલી:—"મારા જેવી તો કરોડો મળે એ વાત ખરી, પણ આ ને આ વેષે નાશી જતાં તમને ઓળખીને બાદશાહના માણસો પકડે અને બાદશાહ તમને ગરદન મરાવે તો પછી મને તમારા જેવો છેલબટાઉ ફરીને ક્યાંથી મળે? તેથી હું તો કુંભારનો વેશ લઇશ ને આપણે વતન કે કોઇ દૂર દેશ નાશી જઇને ત્યાં પાછા વૈભવ માંડીને રહીશું. અને કુંભાર તો આપણે છીએ તે કાંઈ મટી જવાના છીએ?" કહાનો તુરત બોલ્યો કે—"ભાઈ! ત્યારે તો ગરદન મરાવવા કરતાં કુંભાર થવું શું ખોટું? તારી વાત પણ ખરી છે, માટે તું કહે તો હવે એકાદ ખોલકો ગમે તેવો રઝળતો હશે તે પકડી લાવું," પાલીએ કહ્યું:— "હા હવે તો તમે ઠેકાણે આવ્યા ખરા; પણ કહો તમે ક્યાં ખોલકો લેવા જશો? કહાનો કહે—"એટલીએ મને ખબર નહી હોય કે હમણાં કુંભારવાડામાં જતેકને કોકનો ખોલકો છોડી લેઇ આવું છું. ખોલકો લેઇને એક સપાટામાં આવ્યો જાણજે." પાલી હસતાં બોલી—"શું ધુળ જાણો છો? કુંભારને ઘેર બાંધેલો ખોલકો છોડી લાવવા જતાં પકડાશો તો પછી કેવી વલેહ થશે તેનો વિચાર કર્યો?" કહાનો કહે—"ત્યારે તુંજ કહેને કે ક્યાંથી પકડી લાવવો?" પાલી કહે—"જુઓ શ્રાવકવાડામાં તમે જજો, ત્યાં શ્રાવક લોકો આટમાં એંઠવાડ રેડે છે તે ખાવાને ગધેડાંને કુંભાર લોકો છુટા રઝળ-

તાં મુકે છે ત્યાંથી એકાદ ગધેડું નજરે પડે તેને પકડી લાવજો, લુગડાં તથા માટી મેં પ્રથમ તૈયાર રાખી છે. અને હવે આ કુંભારનાં લુગડાં પહેરીને જાવ, એટલે ગધેડાને દોરી લાવતાં પણ તમને કોઇ ટોકશે કે રોકશે નહિ." પછી કહાના ભાઇએ તો પોતાનો અસલ કુંભારનો વેશ ધર્યો અને હાથમાં એક લાકડી લઇને ખો લકાની ખોળમાં નીકળ્યો.

કહાનો તો ગયો તે શાવક વાડામાં ગયો અને ગધેડા શોધવાને આમ તેમ પોળના મોંઢા આગળ ફરતો હતો તેવામાં એક ડોશી આવકની મોડી રાત લગી બહાર બેઠી બેઠી કાંતતી હતી. તે ડોશી આકાશમાં વર્ષાદ ચઢેલો જોઇને પોતાનું કાંતેલું સુતર ન બગડે મા-ટે ઉઠી પોતાના ઘરમાં ગઇ ત્યારે તેના દીકરાની વહુએ પુછ્યું કે:— બાઇજી ઘરમાં કેમ આવ્યા? બારણે શું ટીલીઆ કાળની બીક લાગી કે શું?" ડોશીએ કહ્યું—"વાઘની તો મને કાંઇ બીક નથી લાગી મને ટપકાની બીક લાગી તેથી રેંટીયો અને સૂતરની આંટીયો લ-ઇને ઘરમાં આવતી રહી." વરસાદનું ટપકુ પડે તો મારી કાંતેલી આંટીઓ બગડે એવી બીકથી હું અંદર આવી એવા અર્થમાં પેલી ડોશી તો બોલી હતી. પણ તેવામાં ટીલીઓ કાળ વાઘ પણ અં-ધારે અંધારે એ પોળમાં આવેલો અને ડોશી ઉપર ત્રાપ મારવાની તઇયારીમાં હતો, તેવામાં ઉપર પ્રમાણે તે ડોશીને તથા તેના દીકરા ની વહુને વાતચિત થઇ, તે સાંભળીને પેલા ટીલીઆકાળ વાઘે વિ-ચાર્યું કે:—"આ ડોશી મારાથી તો બીતી નથી, પણ ટપકાથી બી-હે છે તો આખા શહેરમાં હાહાકાર ફેલાવનાર હું ટીલીઆકાળ કર-તાં પણ જે વધી જાય એવો એ ટપકો તે કોણ હશે? આ ડોશી

ઘરડી છે માટે એ જે કાંઈ જાણુતી હશે તે ખરૂંજ જાણુતી હશે. મારા કરતાં પણ ટપકો વધારે જબરા હશે. મારે એટલુંજ જાણવું જોઇયે કે એ ટપકો કોણ છે અને કયાં રહે છે. માટે આ ડોશી ટપકા વીષે શી વાત કરે છે તે મારે ગુપ્ત રહીને સાંભળવું જોઇએ કે કોઈવાર હું પટકાના પંજામાં સપડાઈ જાઉં નહીં. એ પ્રમાણે વિચાર કરીને પેલો વાઘ ગુપચુપ ઉભો છે તેવામાં પેલી ડોશીથી વહુ બોલી—" તમને બાઇજી અમથી બીક લાગી, આ વખતે તે ટપકાનું ઠેકાણુંએ કયાં છે ?" ડોશી બોલી—" વહુભા ! જરીક ઉપર નજર તો કર એતો ટમટમી રહ્યો છે," એટલામાં તો આપણા કહાના ભાઈ બોલકો ખોળવા નીકળેલા ત્યાં ફરતા હતા તેમણે પેલા ટીલીયા કાળ વાઘનેજ બોલકો જાણીને અંધારામાંનેઅંધારામાં તેના કાન બે હાથે પકડયા. વાઘે જાણ્યું કે—આતો પેલી ડોશી કહેતી હતી કે ટમ ટમીને રહ્યો છે તે આ ટપકો આવ્યો અને મને પકડયો." તેથી વાઘ બીકનો માર્યો સ્તબ્ધ થઇ ગયો, અને જેમ કહાનાભાઇ ખેંચીને લેઇ ગયાં તેમ જવા માંડયું. કહાનો તે પરમેશ્વરની ઇચ્છાથી દૈવયોગે આ પ્રમાણે ટીલીઆકાળને પોતાનાં મકાને લેઇ ગયો અને બારણે રહે રહે પેલી પાલીને કહ્યું " અલી હું આવ્યો છું, તું પેલું લઇને આવજે. " તેથી પેલી ઓરતે વિચાર કર્યો કે જોઉં તો ખરી કે બોલકો મજબુત છે કે મુડદાલ છે. :કેમકે નઠારો બોલકો હોય તો ઝટ મજલ કાપી શકાય નહીં, રસ્તામાં પકડાઇયે. આવા વીચારથી પાલી તો દીવો લેઇને બારણે આવી અને જોયું તો કહાનાભાઇના હાથમાં તો ટીલીયાકાળના કાન પકડેલા અને તેતો બારણા આગળ ઉભેલો, દીવો આવ્યો અને કહાનાએ

જોયું તો પોતે વાઘનાજ કાન પકડેલા છે એમ માલમ પડતાંજ તે તો બીકમાંને બીકમાં એવો સજડ થઈ ગયો કે વાઘના કાન પકડેલા તેના ઉપર તેના હાથની તો મડાંગાંઠજ પડી ગઈ તે છુટેજ નહી. પાલીએ પરમેશ્વરની અકળ કળાનો આભાર માની તરતજ સમયસુચકતા વાપરી એકદમ તો મોટો દોર ઘરમાં હતો તેનો ગાળો કરીને પેલા વાઘને ગળે મજબુત નાંખ્યો અને પછી તેના પગોમાં ગાળા નાંખીને આખે શરીરે દોરના આંટા નાંખીને સજડ સાંકડી લીધો. વાઘે જાણ્યું કે આ તો ટપકોજ આવ્યો તેણે મને બંધનમાં નખાવ્યો,પણ જો હું ચું ચા કરીશ તો આ ટપકો મને મારીજ નાંખશે. માટે વાઘ પણ બીકનોજ માર્યો આ પ્રમાણે બંધનને તાબે થયો.પછી પાલીએ કહ્યું—"હવે કાન મુકી દો." તોપણ કહાનો બીકથી સજડ થઇ ગયેલો એટલે ભયને લીધે જે મુંઠીઓ વળી ગ-યેલી તે છુટેજ નહી.પછી તે ઓરતે પોતાનાં માણસો જે પાસેની કોટડીમાં ઉંઘી ગયાં હતાં તેમને જગાડયાં અને બાદશાહને તરતને તરત ખબર અપાવી કે ચાલો કચેરી સાથે જોવાને કે પાંચમારસિંહજી એ વાઘ ટિલિઓ કાળ પકડી આણ્યો છે અને બંધાવ્યો છે. આ વધામણી કહેવાને રાણાજીપાંચમારસિંહજીનાં માણસોપવનવેગેગયાં; અને બાદશાહ પણ પવનવેગે આવ્યા;અને જોયું તો ટીલીયાકાળના કાન કહાનાએ પકડેલા છે,અને કાષ્ટની પુતળી જેવો બનીને ઉભો છે.બાદશાહે કહાનાને કહ્યુંકે:-"રાણાજી તુમકુંસાબાશહે.આજકાલ ચારાતો દુસરેકા થા,લેકીન તુમને બડી બહાદુરી કી હૈ.અબ ઉસકે કાન તુમ છોડ દો,તો પણ વાઘની બીકનો માર્યો કહાનો તો તાબુત

જેવોજ બની ગયેલો અને મુચ્છાના જેવી મુઠીઓ વળી ગયેલી તેથી વાઘના કાન મુકી શકેજ નહીં બાદશાહે એક કરતાં વધારે વાર સાબાશી આપી આપીને કહ્યું કે કાન મુકી દો, તેમજ તેને પાલીએ પણ જાણે સમજાવતી હોય તેમ કહ્યું કે ખુદ હજુરબાદશાહ ફરમાવે છે કે હવે આ વાઘના કાન આપ મુકી દો, તોપણ કહાનો તો એક અક્ષર પણ બોલે નહી, તેમ એ વાઘના કાન પણ છોડે નહિ,પણ બીકને લીધે તેની આંખ્યો પણ મટમટયા વગર પહોળીને પહોળી રહેલી, તેથી બેબાકળા જેવો તેની સ્ત્રી અને બાદશાહ તરફ જોયા કરે તેને આ પ્રમાણે ડોળા ગગળાવતો જોઇને બાદશાહ બોલ્યા:—"અય નેક ઓરત! તેરે ખાવિંદકા ચશ્મ ઐસે ફટે હુવે કયું રહે હે." આ સવાલના જવાબ પાલીએ હાજર જવાબીથી દીધો કે:—"ખુદાવિંદ! રાણાજીને ઘણું શૌર્ય ચઢયું છે; આપ જાણો છો કે જે માણસને શુરાતનનો આવેશ ચઢે છે તેની આંખ્ય ફાટીને ફાટી રહે છે, અને જો તલવારની મુઠમાં હાથ હોય છે તો તેની મડાગાંઠ પડી જાય છે. તેજ પ્રમાણે આ રાણાજીને પણ આ વાઘને પકડતાં શુરાતન ચઢી ગયું છે, તેથી તેમની આંખ્યો પણ આ પ્રમાણે ફાટી ફાટીને રહી છે, અને વાઘના કાન પકડયા છે; તે મુઠીઓની પણ તેવીજ મડાગાંઠ પડી ગઇ છે. તેથી તેમને અનેક ઉપાય કરીને ઠંડા પાડીશ અને જ્યારે શુરાતનનો આવેશ ઉતરી જશે ત્યારે તે કાન મુકી દેશે અને પાછા રોજના જેવી તબિયતથી વાતચિત કરશે: હાલ તેમની તબિયત શુરાતનને લીધે કાયમ નથી." બાદશાહ બોલ્યા:—"અય બેટી તેરા ખાવિંદ ઐસા ગાઝી હે, યહ જાનકે મેરેકો બહોત બહોત ખુશી હોતી

હય, કિ તુમારે જેસે નેકબક્ષ ઓર મર્દ નોકર મેરી પાદશાહીમેં રહતે હય. તેરા ખાવિંદકી તબિયત ઠિકાને લાને બાસ્તે તેરેકાં જો તકલીફ પડેગી ઉસ્કે બદલ મેં તેરેકુ ઇનામ દાખલ મેરા મોતીકા હાર ઇનામમે દેતા હું ઔર તેરા ખાવિંદકું બી એક બડી જાગીર તંબાપત્ર કરકે ઈનાયત કરૂંગા, તુમારે ખાવિંદને હમારા મુસારા હલાલ કિયા હઈ, ઓર તુમ લોક બડે મા બાપ કે ફરજંદ હો એસી હમકો ખાતર જમા કરદી હઈ. એ પ્રમાણે કહી, બાદશાહે જે નવલખો મોતીનો હાર આપ્યો તેલેઇને નમ્રતાપૂર્વક પાલી કુંભારણ બોલી–"જહાપનાહ આપ ખુદાના જેવા કદરદાન માલિક અમારેમાથે છેએ જાણીને અમો તાબેદારોને જે આનંદ થાયછેતેવર્ણવી શકાય તેમ નથી આપના તાબેદારનું પરાક્રમ અને શુરાતન આપ નામદારના જોવામાં નજરોનજર આવે તેટલાંજ માટે મેં આપ માબાપને અત્યારે ને અત્યારે અત્રે પધારવાની અરજ કરીને તસ્દી આપી, તેને માટે હું આપ મહેરબાનના મુબારક કદમની માફી માગું છું"બાદશાહ બોલ્યા:–તેરા ખાવિંદ જેસા પાક મર્દકા શુરાતનકા હમકો દીદાર તેને કરવાયા ઉસસે હમ તો બહોતહી ખુશ હુવેહય,ઔર તેરે કોંભી હમ બહોત દફે શાબાશી દેતે હઇ તો બેટા! તું માફીકી ક્યા બાત કરતી હઇ?" પાલી નમ્રતા બતાવી બોલી–"આપમાલીકશ્રીને હવે અહિં રોકાણ થાય છે; મારા ખાવિંદની માવજતતો હું બરોબર કરીશ, તેની ફિકર આપ નામદારે જરીકે રાખવી નહી." પાદશાહ બોલ્યાકે!–"અય નેકબક્ષ પાક ઓરત? તુમ ઉસ્કી તબીઅત બરોબર રખના. મેં અબ મહેલ તરફ જાતા હું. સબેરમેં જબ ઉસ્કી તબીઅત બહાલ હોજાવે તબ ઉનકો મેરી પાસ ભેજના, કયો મેં ઉન્કો

જાગીર ની બક્ષીસ કરૂં બન્ દરબારમેં કુરકો આપકી તરફસે ઇજ્જત દેનેકા ચલાતા હું. પાલીકુંભારણ ઝુકીને નમ્રતાથી બોલી—"જેવો માલેકશ્રીનો હુકમ, સવારમાં તબીયત ઠેકાણે આવશે એટલે તાબેદારને હું શ્રી હજુર કદમે મોકલાવીશ."

પછી બાદશાહ અને તેમની સાથે આવેલાં બીજા દરબારી માણસો પણ ત્યાંથી ચાલ્યાં ગયાં. તે સઉએ રાણાજી પાંચમારસીંહજી ની મર્દગીના એક અવાજે વખાણ કરવા માંડયા કે—ઓહો રાણાજી! તે રાણાજી! એના જેવો બહાદુર ઉમરાવ આપણી આખી બાદશાહી રયાસતમાં એક પણ નથી આટલા આટલા દીવસ જે વાઘ ભલભલા બરકમદાજની આંખોમાં ધુળ નાંખીને શહેરમાંથી અનેક માણસોને લેઇને જતો તેને આજે રાણાજીએ પકડી પાંડયો અને પકડયો તે પણ કેવી રીત્યે એક કુતરાને જેમ કાન પકડીને લાવે તે પ્રમાણે એ જવામર્દ વીરપુરૂષે ટિલિયા કાળને પકડી આણ્યો! બધાય કરતાં પગાર તો વધારે લે છે ખરો પણ તેનો પગાર લેવો કુરબાન છે! રોજ બેડો પગાર તો ખ.તે પણ વખત આવ્યો તેણે બતાવી આપ્યું કે તે પગાર ખાવાને લાયક પોતે છે. ધન્ય છે એનાં માત પિતાને! બીજાઓ એને બેડો પગાર ખાતાં દેખી અદેખાઇ કરે છે,પણ એણે જે કામ કરયું તેનો સોમો હિસ્સો એ કોઇ બજાવી શકે તેમ છે ? એતો જેનું કામ જે કરે, પોતાના પરાક્રમ પ્રમાણે પગાર પણ લેજતો! ત્યારથી સઉએ પાંચમારસિંહજીનું નામ વાઘમારસિંહજી પાડયું અને આખા શહેરમાં એક પહોરમાં તો રાણા પાંચમારસિંહજીઉરફે વાઘમારસિંહજીનાં વખાણઠેકાણેઠેકાણે ઝુંપડામાં, મહેલમાં, બ. ..રમાં અને મહોલ્લામાં, તથા ગ-

મમાં અને શીમગાં ગાજી રહ્યાં. એક બાળકથી ઘરડામાં ઘરડાં મા-ણુસ લગી સહુ કોઇ ગરીબ અને તવંગર અમીર અને ફકીર રા-ણાજી અને આપણા કહાનાજીનાં વખાણુની વાતો કરવા લાગ્યા આ-તો લોકોમાં કહાનાજીની વાહવાહ થઇ, પણ હજુ બાદશાહી ઇનામ તો તેમને માટે બાકી હતું. પણુ તે ઈનામ લેવાને માટે હજું આપણાં કહાનિયાના હાથજ છુટા નહોતા થયા. તેતો પેલા વાઘના કાન સાથેજ જાણે ચોટી ગયા હતા. હવે તે હાથ છુટા કરવાને માટે આપણી ચતુર કુંભારણ પાલીએ જે યુક્તિ કરી તે સાંભળો:—પ્રથ-મ તો તેણે ખેંચી ખેંચીને તે હાથ છોડાવવાની મહેનત કરી, પણ કહાનાભાઇ પોતાના હાથની મડામુઠીઓ છોડેજનહિં! બિચારી પાલી તો ખેંચી ખેંચીને થાકી પછી પાલીએ વિચાર્યું કે જ્યાં લગી આ મૂર્ખ વાઘથી વેગળો ખસશે નહીં ત્યાંલગી તેના મનમાંથી બીક ખ-સવાની નથી, અને જ્યાં લગી તેના મનમાંથી બીક ખસશે નહીં ત્યાં લગી તેની મુઠીઓ છુટવાની નથી, અને જ્યાં લગી તે મુઠીઓ છોડશે નહીં ત્યાં લગી તેને વાઘથી વેગળો પણુ શી રીત્યે લઇ જઇ શકાશે ? છેવટ કુંભારણે એક યુક્તિ પોતાના મનના વીચાર ઉપર ઘડી કાઢી. તેણે એક છરી લઇને એ વાઘના કાન કાપી નાખ્યા એ ટલે કહાનાભાઇનાં હાથમાં તે કપાયલા કાન આવ્યા અને કાનાભા-ઇ છુટા થયા; તેને પછી પાલી પોતાના મકાનના ઓરડામાં લઇ ગઇ અને થોડાક દારૂ પાયો એટલે કહાનાજી ઉર્ફે રાણાજી બેભાન થઇને ઘેનમાં પડયા; પછી પેલા વાઘના કપાયલા કાન સહજ ચિમળાઈ જવા લાગ્યા તેમજ ઘેનમાં પડેલા કહાનજીભાઇના હાથની મુઠીઓ પણુ કાંઇક નરમ પડી એટલે તે કાન મુઠીઓમાથી નિકળી ગયા તે

કાન કુંભારણે લઇ વેગળા મૂક્યા; અને ઘેનમાં પડેલા કહાના ઉપર ઓઢાડીને તેને ઉંઘી જવા દીધો. તે ઉંઘીને આશરે આઠેક વાગતાના સુમારમાં ઉઠયો, ત્યારે તેને થાકને લીધે તાવ આવી ગયો હતો, પણ તેનું ભાન કાંઇક ઠેકાણે આવ્યું હતું. પછી પાલીએ તેને કેટલીક શાન્તી ઉત્પન્ન કરે એવા ઉપચારો કરીને તેની તબિયત ઠેકાણે આણીને હોંશિયાર થયો એટલે સોનાના એક ડાબડામાં પેલા વાઘના કાન ઘાલીને આપ્યા અને કહ્યું કે આ બાદશાહને ભેટ મૂકજો, કહાનાને પાછો કપડાં લત્તા પહેરાવીને બાદશાહ પાસે મોકલવાને તઇયાર કર્યો ને પેલા વાઘને બીજા માણસો પાસે સાંકળોએ બંધાવીને પાંજરામાં ઘાલીને કહાનાની પાછળ તે પાંજરૂં ગાડામાં ઘલાવીને મોકલ્યું. આ પ્રમાણે આગળ કહાનાજી અથવા રાણાજી પાંચમારસિંહજી અને હવે તો વાઘમારસિંહજી બગીમાં હથીયાર બાંધીને કુંભારણના કહેવા પ્રમાણે બિરાજેલા અને તેમની બગીની પાછળ પેલા વાઘનું પાંજરૂં એ પ્રમાણે આખું સરઘસ બપોર વખતે શહેર વચ્ચે થઇને બાદશાહના દરબાર તરફ જવાને નીકળ્યું.

જાણે એક મોટી મેદની ભરાઇ હોય એમ લોકો ટોળાબંધ રસ્તામાં આપણા કુંભારીયારાણાજીને તથા તેમણે પકડી આણેલા વાઘને જોવાને એકઠા થયા હતા લોકોને એ વાઘથી બહુ દુઃખ પડ્યું હતું. કોઇનાં માબાપ તો કોઇનાં ભાઇ બહેન તો કોઇનાં સ્ત્રી પુરૂષ તો કોઇનાં છોકરાં છોડી તો કોઇનાં મિત્ર સગાં એ વાઘે મારી નાંખેલાં હતાં, બાદશાહના મોટા મોટા બહાદૂર અમલદારોથી પણ તે પકડાતો નહોતો કે મરાતો નહોતો, આવા વાઘને પકડીને જેર કરનાર આપણા કહાનાજીનો લોકો ચારે તરફથી જય જયકાર બોલાવતા હતા અને વખાણતા કે ધન્ય છે એની જનિતાને કે જેની

કુખે આવું બહાદુર રત્ન પાક્યું ! જો આ રાણાજી પાંચમારસિંહજી ન હોત તો આપણું સંકટ કોઇ પણ ટાળનાર નહોતું. મનુષ્યોમાં થયેલો ટીલીયોકાળ રોજ એક માણસનો કોળિયો કરતો જાત અને છેવટ આપણે સઉને આ શહેર છોડીને જવાનો વખત આવત. વળી કોઇ જન્મમરણના પ્રમાણથી અજાણ્યાં એવાં માણસ તો અતીશયોક્તિ કરીને કહેતાં હતાં કે રોજનું એક માણસ ખાઈ જાત તો આ શહેરની વસ્તીજ છેવટ પૂરી થઇ જાત, અને બાદશાહ બાદશાહી શેના ઉપર કરત શહેરના શેઠ સાહુકારો અને કેળવાયલા માણસોએ તો ફુલની છાબડીઓ અને ફુલનાં તોરણોનો ગરકાવ કરી નાંખ્યો હતો, રસ્તામાં જતાં જતાંજ કહાનાજીની બગીલો ફુલની વૃષ્ટિ થવાથી ભરાઈ ગઈ ચારે તરફ "રાણાજીની જય" "રાણાજીની જય" એવા અવાજેથી આખું નગર ગાજવા લાગ્યું બજારમાં દુકાનો ઉપર બેઠેલા સ્વભાવથીજ બીકણ એવા વાણીઆ ભાઈઓ તો પોતાની તોતડી ભાષામાં કહાનજીનાં એવાં વખાણ કરતા હતા કે કંસને મારનાર શ્રી કૃષ્ણનાં પણ વખાણ એકવાર કોરાણે રહે, મહીં મહીં બહુંજ સંભાળીને ચાલનાર અગમચેતીના મહાસાગર જેવા વણીક તો કહેતા હતા "બહું ભલું થયું કે આ પાપ પકડાયું, ભુંડો એ ટિલીયાને પાપે ઘરમાં રાટે ઉઠડસ પન ખોટો નહિ. હારો વખટ છે ને ગલે આવીને વલગે ?" એટલે બીજા શાણા શ્રાવક ભાઇઓ કહેતા કે—"ખરી વાત શી તે ગ્યાની મહારાજ જાણે, પણ કહેવાય છે કે આ વાઘ ખાળના બાખોરામાંથી પેશી જતો તેથી કોઇના પકડવામાં આટલા દિવસ લગી આવ્યો નહિં" ત્યારે એક ઘરડો વાણિયો બોલ્યો કે આપણે તો એ વાઘનું પાંજરું અહીં આવ્યા પહેલાંજ ઉઠીને દુકાનના ઓરડામાં ચાલો,

કેમકે એ વાઘ તો વખતે પાંજરાના સળીઆ વચ્ચેથી પણ નિકળી આવે તો આપણા તો બધાના ભોગ મળે, વળી બીજાઓ બોલ્યા કે "આપણા રાણાજીએ એને પકડ્યો છે તે વીદ્યાના બળથી પકડ્યો છે અને વીદ્યાના બળથી બાંધ્યો છે એટલે હવે પાંજરામાંથી કયાં નિકળે? મારા બા પાસે?" આ પ્રમાણે પ્રજામાં આપણો બિચારો કહાનીયો કુંભાર તો મોટો બહાદુર, મંત્રવિદ્યાવાળો અને હરેક પ્રકારે હોંશીયાર ગણાવા લાગ્યો, તેનાં વખાણ ઉપર વખાણ થવા લાગ્યાં. કહાનાની બગી અને પાછળ વાઘનું પાંજરૂં એ પ્રમાણે વરઘોડો આખા શહેરનાં માણસોથી વખાણાતો વખણાતો બાદશાહના દરબાર આગળ આવી પહોંચ્યો. બાદશાહ પોતે મહેલમાંથી ઉતરી દરવાજા લગી સામો આવ્યો અને કહાનાના હાથથી હાથ મિલાવીને મોટામાં મોટું માન તેને આપ્યું. દરબારમાં ગયા પછી બાદશાહે પોતાની પાસે નાખેલી ખાસ માનની બેઠકે આપણા પાંચમારસિંહજીને બેસાડ્યા. પછી બાદશાહની આગળ પેલા કાન વાઘના કાપેલા હતા તે નજર કર્યા તથા સાથે કેદ કરીને આણેલા વાઘનું પાંજરૂં પણ બાદશાહની આગળ ભર્યા દરબારમાં રજુ કરવામાં આવ્યું.

બાદશાહે પોતાના મુખે રાણા પાંચમારસિંહને શાબાશી આપીને કહ્યું કે મેં ઘણા ઘણા બહાદુર રજપૂત સિપાઇયોજોયા પણ રજપૂતમાં કે સિપાઈ વર્ગમાં મેં તમારા જેવો બહાદૂર મર્દ જોયો નથી. એ પ્રમાણે બાદશાહે તેનાં વારંવાર ભર્યા દરબારમાં વખાણ કર્યાં અને સઘળા દરબારી લોકોએ પણ અભીમાન કોરાણે મૂકીને આપણા કહાનાજીની શ્રેષ્ઠતા કબુલ કરી. ત્યારબાદ બાદશાહે કહાનાને મોટી જાગિર તાંબાપત્ર કરીને બક્ષીસ આપી, તેમજ તેને દરબારમાં આવે ત્યારે બાદશાહ ઉભા થઇને હાથથી હાથ મેળવીને મળે એવો કુરબ પણ તે દિવસથી બક્ષવામાં આવ્યો હવે કહાનો વિના કારણે મોટો

પગાર ખાય છે એમ કોઇ પણ કહી શકે તેમ નહોતું. હવે કહાના
ની યોગ્યતા સર્વ ઠેકાણે કબુલ થવા લાગી. આ પ્રમાણે રાજાના અને
પ્રજાના મનમાં કહાનાને કેટલાક દિવસ પાછા દિલ્હીમાં અમનચમનમાં
કહાડવાનો પ્રસંગ લંબાયો. સ્ત્રીના બુદ્ધિબળથી અને નશીબની અનુ-
કુળતાથી વાઘનો પ્રસંગ તો પાધરે પાધરો ઉતરી ગયો અને ઉલટો
વધારે લાભ આપણા કહાનાભાઇને તો પ્રાપ્ત થયો; પણ આ
સંસારમાં એક એવો નિયમ છે કે જ્યારે એકવાર માણસની
યોગ્યતા દુનિયામાં પ્રસિદ્ધ થઇ જાય છે. ત્યારે પણ તેને જં-
પીને બેસવાનો પ્રસંગ આવતો નથી. કેમકે યોગ્યતા ગણાયા પછી
તેની યોગ્યતાના પ્રમાણમાં તેને માથે તેના ઉપરીયો તેમજ પ્રજા-
વર્ગ અને સંબંધીઓ ફરજ નાંખે છે, તેથી જો દૈવયોગે તેની યો-
ગ્તા એકવાર ફરી ગઇ હોય તો તે બરોબર રીત્યે ફરી છે કે
નહિ તેની કસોટી થવાનો વખત પણ આવ્યા વિના રહેતો નથી.
કેટલોક વખત કહાનો તથા તેની ઓરત બાદશાહી માનમાં
રહ્યા એટલામાં એક બીજી ઉપાધિ દિલ્હીના ઉપર આવી પડી,
આ આફતથી પણ શહેરને ઉગારવાનું મહાભારત કામ બિચારા
આપણા પ્રજાપતિ કહાનાની ઉપર આવે તેમ હતું દિલ્હીની ભાગોળ
માંજ કેટલાક ચોર લોક આવી રીત્યે પેંધેલા કે બીજે ત્રીજે રોજ
કોઇ પણ મુસાફરને લૂટ્યા વિના રહે નહીં, જો લૂટવાનો લાગ તેમને
ન મળે તો શહેરમાં ગમે તેનું પણ ઘર ફાડે અને રાતે
ખાતર ચોરીના ગુન્હા કરે. શહેર મોટું રહ્યું એટલે કોણ લૂંટાયું કે
કોને ઘેર ખાતર પડ્યું તેની ચર્ચા ઝાઝી ચાલે નહીં અને તે વાત
ઉપર કોઇનો વધારે લક્ષ પણ જાય નહીં તોપણ રૈયત વર્ગમાં એ
બાબત વધારે ચોળાવા લાગી. લોકોએ ખુદ બાદશાહને અરજી કર-
વા માંડી કે ખુદ પાયતખ્તમાં અને પાયતખ્તની ભાગોળમાં આ પ્ર-

આણ: રૈયતમાં જાન માલની સલામતી રહી શકતી નથી એ રાજ્ય કારભારની અવ્યવસ્થા સુચવે છે, અને એ અવ્યવસ્થા દૂર કરવાની માલિકશ્રીને અમારી ખાસ વિનંતી છે. આવી અરજી ઉપરથી ફક્ત કોટવાલના ઉપર હુકમ જતા કે તમારે વધારે સારો બંદોબસ્ત રાખવાને માટે કાળજી રાખવી, પણ તેથી લૂંટો અને ચોરીઓ થતી કંઇ બંધ પડતી નહોતી, અને રૈયતને પડતી હરકત કાંઇ દુર થતી નહોતી પણ હમેશ એવો નિયમ છે કે જ્યારે વાજતું ગાજતું માંડવે આવે અને પોતાને ઘેર રેલો આવે ત્યારે સૌની આંખો તરત ઉઘડે. એકવાર એવું બન્યુ કે એ ચોર લોકોને કોઇ પણ પકડી શકયું નહીં તેથી તેમણે વિચાર કર્યો કે આપણે એકવાર બાદશાહની માનીતી બડી બેગમ છે તેના મહેલમાં ખાતર પાડીએ તો પછી રોજ ખાતર પાડવુંજ મટી જાય એવો વિચાર કરીને ચોર લોકોએ બાદશાહની બડી બેગમને મહેલેજ ખાતર પાડવાનો નિશ્ચય કર્યો; અને તે લોકોએ એવી તો ચાલાકીથી ખાતર પાડ્યું કે બાદશાહની બડી બેગમને મહેલેજ બેગમનો ખરો કિમતી જવાહિરનો માલ જ્યાં હતો ત્યાંથી, તેઓ પુષ્કળ જવાહિર લેઇ ગયા એટલુંજ નહીં પણ કોઇને ખબર સરખી પણ ના પડી કે તે ખાતર શી રીત્યે અને કોણે પાડ્યું? દૈવ યોગે તે રાતે બાદશાહ પોતે પણ તે બેગમને મેહેલે પધારેલા હતા. અને તેમને પણ કાંઇ ખબર પડી નહીં. ખાતર પડવાની અને ઝવેર ગયાની સવારમાં ઉઠતા બાદશાહને ખબર પડી, તેથી બાદશાહ તો અત્યંત ગુસ્સે થઇ ગયા કે ખુદ મારી બેગમના મહેલમાં ખાતર પાડ્યું અને શહેરના અને મહેલના પહેરેગિરોને કાંઇ ખબર પણ પડી નહી તો કાલે કોઇ દુસ્મન ગુપચુપ શહેરમાં પેશી જઇને શહેર કબજે કરે અથવા તો મારા જાન ઉપર હાથ ઉગામે તો પણ આ નિમકહરામ નોકરોને શી ખબર પડે?

નોકરો બધા તદ્દન ગફલતમાંજ પડ્યા રહે છે, માટે આ ગુન્હાનો જો તે લોકો પત્તો લગાડે તો ઠીક, નિકર તે લોકોને હું સખ્ત નાશયત કર્યા વિના રહેવાનો નથી. કોટવાળ વિગેરે સઉને સખ્ત તાકીદના હુકમો લખાયા અને સઉને ઠપકો આપવામાં આવ્યો.

બડી બેગમના મહેલમાં પડેલા ખાતરના ચોર ને માલ છતા કરવાને માટે રાજ્યમાં ચારે તરફ અમલદારો ઉપર તાકીદ કરવામાં આવી છે તે વાત આપણા કહાના કુંભારની વહુના જાણવામાં આવી; તેથી તેણે આગળથી વિચાર્યું કે એ ચોરોનો પત્તો કાંઇ સહેજમાં લાગશે નહી; અને છેવટે બાદશાહની નજર રાણા પાંચમારસિંહજી ઉપર આવશે; અથવા જો કદી બાદશાહ વિસરી જશે તોપણ બીજાના અમલદારો કે જેઓ કહાનાના મોટા પગાર અને માનની અદેખાઇ કરતા હતા તેઓ લાગ જોઇને બાદશાહને યાદ દેવરાવશે, એટલે પાછી નવી ઉપાધિ આવી પડશે. ભાગ્ય તો કદી એક બે વાર પાધરૂં ઉતરે પણ વારંવાર કાંઇ સ્વાતિનું જળબિન્દુ છીપમાં પડતું નથી. તેથી કહાનારાણાની ફજેત થઇ જવાનો પ્રસંગ આવે, અને બાદશાહની ઇતરાજીમાં સપડાઇ જવું પડે અને તેમ ન થાય તો પણ કદી કુંભારભાઇ ચોરોને પકડવાની સિપાઇગીરી કરતાં માર્યા જાય તો પણ રંડાપો કપાળે આવે. એ પ્રમાણે ચારે તરફનો વિચાર કરીને કુંભારણે વિચાર્યું કે ચોર, માલનો પત્તો લગાડવાનો દાવ રાણા પાંચમારસિંહજીને માથે આવી પડે તે પહેલાંજ છાનામાના દિલ્હી છોડીને ચાલ્યા જવું એજ વધારે સારૂં છે. તે ચતુર કુંભારણે આપણા કહાનાજીને પણ પોતાનો વિચાર કહ્યો અને તે ધણીધણીઆણી તે વિષે કેટલીકવાર મસલત કરયા પછી દીલ્હી છોડીને ચાલ્યા જવાના ઠરાવ ઉપર આવ્યાં.

બીજે રોજ રાતેજ તેઓએ વટાણા વાવી જવાનો નિશ્ચય કરયો

હતો તેથી દિવસેજ ક્રાંઇ રસ્તાને માટે ભાતુ વગેરે લાવી મુકવાનું હ-
તુ. તેથી બે રૂપૈયા લઇને કેટલી મિઠાઇ લેવાને માટે કંદોઇની દુ-
કાને કહાનાજીને તેની આરતે મોકલ્યો બલ્કે કાહાનો પોતાની મેળેજ
મીઠાઇ લેવાને પંડોપંડ ગયો કેમકે બીજા સિપાઇ કે નોકર ચાકર
મિઠાઈ લાવે તે તાજી અને કહાનાભાઇને રૂચે તેવી લાવે નહિં તે-
થી ખાવામાં અને પહેરવામાં પહેલે નંબરે પ્રવીણતા ધરાવનાર કહાના
એ જાતેજ એ કામ કરવાનું માથે લીધું કહાનો દુકાને દુકાને ફરયો
અને પુછયું કે આયાની તરત બનાવેલી મીઠાઇ હોય તે મને આપો
હું તમને મન માન્યું મુલ્ય આપીશ. છેવટે એક હલવાઇને ત્યાં તર-
તની કરેલી મિઠાઇ તઇયાર હતી. તેણે કહાનાને કહ્યું કે અમારી
પાસે તરતની બનાવેલી મીઠાઇ છે; કહાનાએ તેને મ્હો માગ્યું
મુલ્ય આપ્યું અને તે મિઠાઇ લીધી આ મિઠાઇ લેઇને કહાનો
તો પોતાના ઘર તરફ રવાને થયો. પરંતું એ મીઠાઇના સંબંધ
માં તે હલવાઇને ઘેર પ્રથમથી શો બનાવ બનેલો હતો તેથી અ-
મારા વાંચનારને અમારે વાકેફ કરવા જોઇયે. તે હલવાઇની માને
અને તેની વહુને રોજ ટંટા થતો. સાસુ વહુના અણબનાવ કેવા-
હોય છે તે વિશે સઉના જાણવામાં છે. કહેવત છે કે—"હાડવેર ઘં-
ટીને ઘઉં, અને હાડવેર સાસુને વહુ." છેવટે આ સાસુ વહુનું
હાડવેર એટલું વધી પડયું હતું કે વહુના મનમાં સાસુનું કાસળ
કાઢવાનો વિચાર નિરંતર આવ્યા કરતો હતો. એવામાં સાસુના વિ-
ચાર પાસેના એક તીર્થમાં જઈ ત્યાં દેવ આગળ બાધા લેવાનો થયો
કે—' જો એ વહુ મરી જાય તો દેવને નૈવેદ્ય કરીને રૂપાનો ઘોડો ચ-
ઢાવીશ.' એવી માનતા લેવાની વાત તો સાસુએ મનમાં રાખીને
ઘરમાં પોતાના છોકરાને તથા વહુને કહ્યું કે મારે તો ઘરડે ઘડપણ
જાતરા કરવાને જવું છે, માટે મને થોડીક તાજી મિઠાઇ રસ્તામાં

ખાવા માટે ફરી આપો. છોકરાએ પોતાની બાયડીને કહ્યું કે મારી માને માટે સારી પેઠે ઘી નાંખીને મિઠાઇ ખાવાને માટે તૈયાર કરી દે. તેથી પેલી વહુએ પોતાની સાસુને માટે મિઠાઇ તો સારી ખુબ ઘી નાખીને બનાવી; પણ મનોમન સાક્ષી છે, તેથી સાસુ વહુને મારવાને માટે બાવા લેવા જતી હતી ત્યારે વહુના મનમાં પણ એવો વિચાર આવ્યો કે આ મિઠાઇમાં સોમલ નાંખ્યો હોય તો બાઇજી જાતરામાંને જાતરામાંજ મોક્ષ પામી જાય, અને ફરીને મારૂં લોહી પીવાને પાછી આવવાજ પામે નહીં. આવો વિચાર કરીને તે વહુએ તો ખુબ સોમલ લાવતે કે પેલી મિઠાઇમાં બારોબાર પધરાવ્યું હતું આ પ્રમાણે સાસુને માટે જાતરાની તેમજ પરલોકની સામગ્રી તૈયાર કરીને વહુએ ઠરવાને મૂકી હતી એ મીઠાઇને મૂકીને પેલી વહુ મનમાં આનંદ પામતી ઘરમાં જઇને બીજે કામે લાગી; અને તેનો ધણી પેલો હલવાઇ તે મિઠાઇને પોતાની દુકાનમાં મૂકીને જાળવવા બેઠો કે કોઇ કુતરૂં બિલાડું ખાઇ જાય નહીં. તેવામાં આપણા કહાનાભાઇ તે કંદોઇની દુકાનપર તાજી મિઠાઇ લેવા ગયા. મોહોના માગ્યા પૈસા મળવાથી કંદોઇનું મન લલચાયું. તેણે વિચાર્યું કે આપણા તો ઘરનો કિસબ છે, તેથી હમણાંજ ફરીને મિઠાઇ બનાવીને ડોસીને ખાવા માટે આપીશું; પણ આ તૈયાર મિઠાઇનાં બમણાં ત્રમણાં નાણાં ઉપજે છે તો આપી દેતાં વિચાર કરવા જેવું નથી. આવા વિચારથી તે કંદોઇએ આપણા કહાના કુંભારને પેલી સોમલ ઝેરવાળી મિઠાઇ આપિ હતી કંદોઇને પણ ખબર નહોતી કે તેમાં ઝેર છે.

કહાનો તે મિઠાઇ લઇને પોતાને ઘેર આવ્યો અને પોતાની સ્ત્રીને તે મિઠાઇ સોંપી. તે મિઠાઇ તથા પોતાનું નગદ ઝવેર વગેરે માલમતા લેઇને રાતેને રાતેજ કહાનો તથા તેની કુંભારણ દિલ્હી છોડીને નિકળી જવાનાં હતાં તે પ્રમાણે રાત પડી એટલે કોઇ જાણે

નહીં તે પ્રમાણે કહાનાને લેઇને તેની ચતુર સ્ત્રી દિલ્હીને છેલ્લી સલામ કરીને નીકળી, પણ તેને છેલ્લી સલામ કરાવવી કે નહીં તે તો ભાગ્યના હાથમાં છે, કાંઇ માણસના હાથમાં નથી. દિલ્હીથી આશરે પોણો ગાઉ ગયા પછી તે સ્ત્રી પુરૂષને શું બન્યું તે જુઓ.

મધ્ય રાત્રી થતાં કહાનો તથા પાલી દિલ્હી છોડીને ગુપચુપ નિકળ્યાં. તેમની સાથે નોકર ચાકર કોઈ પણ તેણે રાખ્યો નહોતો. સાદો કુંભારીઓ વેશ બંને જણે પહેરી લીધો હતો. નરદમ કિમતી ઝવેરીની ગાંસડી તથા મિઠાઈની ગાંસડી પાલી કુંભારણે એક ટોપલામાં મૂકીને તે ટોપલો પોતાને માથે મુકયો હતો, કહાનાભાઈ છુટે દુપટે એક લાકડી લઇને તેની પાછળ પાછળ રાતનો વખત હોવાથી બીતા બીતા ચાલતા હતા પણ કુદરતનો એક એવો નિયમ છે કે જે વસ્તુથી આપણે નાશી છુટવા પ્રયત્ન કરીયે તેજ વસ્તુ ગમે ત્યાંથી આવીને આપણી આગળ ખડી થાય છે તેજ પ્રમાણે આપણા કુંભારભાઇને પણ બન્યું. જે ચોરો શોધી કાઢવાને વારો પોતાને આવશે એ ભયથી પ્રથમથી દિલ્હી છોડીને આપણો કહાનો અને તેની સ્ત્રી પાલી રાત લેઇને દિલ્લીમાંથી નીકળી નાશી જતાં હતાં, તેજ ચોર તે બીચારાં ધણીધણીયાણીને દિલ્હીથી પોણો ગાઉ જતાં રસ્તા વચ્ચોવચ મળ્યા, તે ચોરોએ આપણા કુંભાર તથા કુંભારણને ટોક્યાં કે "તમે કોણ છો? ઉભાં રહો, જાવ છો ક્યાં? મુકો લુગડાં" ત્યારે કુંભારભાઇ તો એકદમ બીકથી બોબડાજ થઈ ગયા અને કાંઇ પણ બોલી શક્યા નહીં પણ કુંભારણ પાલી કે જેની ચતુરાઈદ્વારા કહાનાનું નશીબ જોર મારતુ હતું તે બોલી—"ભાઇઓ! તમે કોણ છો? અમારાં ગરીબ લોકોનાં લુગડાં પડાવી લેઇને તમે શા ન્યાલ થવાના હતા?" પેલા ચોરોમાંથી એક જણ બોલ્યો—"અમે તો રસ્તાના અને રાતના વટેમાર્ગુઓના રાજા છીએ અમે તો ચોર કહેવાઇએ,

અમે તો ગરીબ અને તવંગર સઉને એક સરખા ગણીને લુટીએ એવો અમારો ધર્મ છે. ” ત્યારે પાલીએ નમ્રતાથી ઉત્તર આપ્યો કે—“ ભલે જો અમારાં ચુથરાંથી તમારૂં દળદર ફીટે તેમ હોય તો લેઈ લ્યો આ અમારાં ચૂથરાં. પણ દીલ્હીના બાદશાહ જેવાનો ભંડાર લુંટો ત્યારે તો તમે ખરા, બાકી અમારા જેવા રાંક તો તમારા હુકમ તાબેજ છે. ” પેલા ચોરમાંનો બીજો ચોર બોલ્યો:— “ એ વાતનો પણ અમારો કોડ પૂરો થયો છે. આ અમારી પાસે બાદશાહી ઝવેર પણ છે અમે મહેલમાં પણ ખાતર પાડ્યું છે, પણ અમને આજલગી કોઇ પણ પકડી શક્યું નથી; અને ફરીને પણ એકવાર અમે બાદશાહી ભંડારમાં ખાતર પાડવાને હીંમત ધરીએ છીએ પણ તે દીવસે જેવા શુકન અમને મળ્યા હતા તેવા શુકન આજે મળે તો અમે અમારા કામમાં ફતેહ પામીએ. ” પાલી કુંભારણ બોલી—“તમારે કેવા શુકન જોઇયેં?” પેલા ચોરોમાંનો એક ઘરડો માણસ બોલ્યો:—“અમને સઉને ખાવાને રૂકજ મળે તો અમને સઉથી રૂડા શુકન મલ્યા. ત્યારે પેલી પાલી કુંભારણ બોલી:— “ જો એમજ હોય તો મારી પાસે મીઠાઈ છે, તે તમારે સઉને પહોંચે એટલી છે. તમને તમારા કામમાં ફતેહ મળતી હોય તો તમારા કરતાં મારે તે મીઠાઇ કાંઇ વધારે નથી. ” તે ચોર બોલ્યો “તમે ગરીબ માણસ છો ત્યારે તમારી પાસે મીઠાઈ ક્યાંથી ? ” પાલીએ હાજર જવાબીથી ઉત્તર દીધો:—“અમે ગરીબ માણસ છીએ, પણ અમારે કાંઇ અમારા પેટ માટે ધંધો કર્યા વીના ચાલે નહીં, તેથી થોડી થોડી મીઠાઇ વેચાતી લાવીને આસપાસનાં ગામડાંમાં વેચીને ગુજારો કરીએ છીએ કેમકે અમે જાતે હલવાઇ છીએ.” આ સાંભળીને પેલા ચોરોએ કહ્યું કે-“ત્યારે અમને પણ તમે મીઠાઈ આપીને શુકન કરાવો. પહેલીજ લુટમાં અમને આજે રોકડ મળ્યો તે

થી આજે અમે ફરીને બાદશાહી ખજાનો લુંટવાને માટે જઇશું; અ
ને ખાતરી છે કે અમે તે લુંટવામાં ફતેહ પામ્યા વગર રહેવાના નથી
પછી પાલીએ પોતાના ટોપલામાંથી પોતાને હાથેજ પેલી મીઠાઇની
પોટલી કાઢીને એ ચોરોને આપી દીધી. ચોરો પણ તાજી મીઠાઇ
મળવાથી સ્વાદે સ્વાદે ખાવા લાગ્યા. જ્યાં એ લોકોએ ચાર ચાર
કોળીયા તે હલાહલ જેવી મીઠાઇના ખાધા કે તરતજ બેશુદ્ધ થ-
ઇને બધાએ ટોપોટપ પડ્યા. પાલીને આ જોઇને આશ્ચર્ય લાગ્યું કે
આતે શું થયું? તેણે તરતજ અનુમાન બાંધ્યું કે-આ મિઠાઇમાં કાં-
ઇ જાણતાં અજાણતાં પણ કોઇ જબરી ઝેરી વસ્તુ આવી ગઈ હશે
તેથી આ લોકોએ ખાધી કે તરતજ બેભાન થઇને પડ્યા. જ્યાં
થોડો વખત વીત્યો કે પેલા ચોરોને વધારે ઝેર વ્યાપતું ગયું અને
તેઓ તરફડીયાં મારતા હતા તે પણ બંધ પડ્યા. પાલીએ જાણ્યું કે
દૈવગતિથી પાછું પાંચમારસિંહજીના નશીબે જોર માર્યું. પાલીએ પે-
લા ચોરોની પાસેનાંજ હથિયારમાંથી તલવાર લેઇને પેલા બધાએ ચો
રોના ગળા ઉપર એક પછી એક ફેરવી વાળી અને તે લોહીવાળી ત-
લવાર તેણે આપણા 'સમશેર' બહાદુર કહાના કુંભારના હાથમાં આપી,
અને પેલા ચોરોના માથાની પણ ચોટલીઓ ભેગી ગુંથીને માથાનો
ભારો ને ભારો પણ કહાનાજીના હાથમાં આપ્યો. પેલા ચોરો રખડ-
તા ચોરો હતા તેથી તેમની પાસેજ તેઓ પોતાને લુંટેલો માલ રા-
ખતા તે માલ પણ બધો, પાલીએ પોતાના ટોપલામાં લેઇને માથે
ઉપાડી લીધો. તે માલમાં પેલો બાદશાહની બડી બેગમના મહેલમાં-
થી ગયેલો માલ પણ હતો, અને તે ઉપરાંત બીજા શાહુકારોને ત્યાં
પણ ખાતર પડેલાં, અને બીજા મુસાફરોને પણ તે ચોરોએ લૂટેલા
તેનો પણ બધો મુદ્દા માલ હતો. એ બધું લઇને કહાનો તથા પાલી
બન્ને જણાં પાછાં દિલ્હી આવ્યાં, અને સવાર થતાં પાલીએ કહા-

નાને પાછો પોશાક પહેરાવી હાથમાં પેલી લોહીવાળી તલવાર તથા માથાં આપીને, તથા તેની સાથે એક એક નોકરોમાથે પેલા ચોરોએ લૂટેલો અને ખાતર પાડી ચોરેલો સઘળો માલ એક ટોપલામાં ચઢાવીને બધું સરવસ બાદશાહ પાસે મોકલ્યું, કહાનો ચોરોથી બીન્યો હતો, પણ પેલા વાઘથી બીન્યો તેટલો બીન્યો નહોતો; અને ચોરો તો મરાણા હતા તેથી પોતાની બહાદુરીની ખોટી બડાઇ મારવામાં તેને પાલીના શીખવ્યા પ્રમાણે કાંઈ પણ અડચણ પડે તેમ નહોતું આપણા પાંચમારસિંહજી કહાનાભાઇતો બડડિમાકથી સમશેર બહાદુર બનીને મોટા પરોઢમાં બાદશાહની હજૂરમાં જઇને રજુ થયા; અને બડાઈના ગપાટા મારીને બાદશાહને તો તેણે દિંગમૂઢ બનાવી દીધો બાદશાહે લોહીવાળી તલવાર જોઈ તથા પેલા ચોરોનાં માથા પણ જોયાં અને પોતાની બડી બેગમનો ચોરીમાં ગયેલો માલ જોયો તથા ગામનાં બીજાં માણસોનો ચોરાએલો માલ પણ જોયો આ બધું જોઇને બાદશાહને આપણા કહાનાની બહાદુરી બાબતની જે એવી તો ખરેખરી ખાતરી થઈ કે બાદશાહ તથા તેની પાસે જે હાજર હતા તે સઘળા માણસો “ શાબાશ શાબાશ ” શિવાય બીજું કાંઇ પણ બોલી શક્યા નહીં. તેમના સઉના મનમાં તો એમજ આવી ગયું કે આવા શૂરવીર રાણાજીને તો જે પગાર અને જે ઈનામ આપીએ તે તો એના પરાક્રમના પ્રમાણમાં અત્યંત ઓછુંજ ગણાય. બાદશાહે તરતજ દરબાર ભરવાનો હુકમ કર્યો અને ભર્યા દરબારમાં કહાનાના વખાણ કરીને મોટું માન આપ્યું તથાં ઘણા ભારે ઈનામ આપ્યાં, અને તે દિવસથી દરબારમાં બાદશાહની જમણી બાજુએ બેઠક ઉપર બેસવાનું કોઇને પણ નહિં મળેલું એવું આ દરબારનું માન આપણુ રાણુજી સાહેબ બહાદુર કહાનાજીને મળ્યું

તે દિવસની સાંજે બીજા શાહુકારોએ પણ પોતાનો એ ગયેલો માલ પાછો આવવાથી કહાનજીભાઇને મુબારકબાદી આપવાને માટે મોટો મેળાવડો કરયો અને તે મેળાવડામાં ખુદ બાદશાહે પધારીને કહાના કુંભારને ઘણાં ઘણાં વખાણ કરીને સાબાસી આપી, બીજે રોજે બેગમે પોતાના દાગીના પાછા આવ્યા તેની સાથે પોતાની પ્રતિષ્ઠા પણ પાછી આવેલી સમજીને કહાનાને મુબારકબાદીમાં એક બાદશાહી ખીલ્લત આપી, ને કહાનાને પોતાનો ભાઇ ઠરાવ્યો. આ પ્રમાણે કહાનાભાઇની સોળે કળા સંપુર્ણ ચડતી થઈ. બાદશાહી માનમાં વધારે અમન ચેનમાં કહાનો અને પાલી પોતાના દીવસ ગુજારવા લાગ્યાં બાદશાહનો માનીતો ઉમરાવ અને બડી બેગમનો ભાઈ તથા પ્રજાને અનેક પ્રકારની આફતોમાંથી બચાવનાર રૈયતનો ખરેખરો માનીતો શુરો આપણો કહાનો કુંભાર જ્યાં ત્યાં આખી દિલ્હીમાં કહાને બાદશાહથી બીજે નંબરે પુજાતો હતો તોપણ લોકોના મનમાં તો બાદશાહ કરતાં પણ કહાનો કુંભાર વધારે યોગ્યતાવાળો જણાતો હતો. શાથી કે કહાના જેવાં પરાક્રમ કાંઇ બાદશાહે કર્યાં ન હોતાં. પાલી કુંભારણને હવે તો બાદશાહની બડી બેગમ પણ માન આપતી હતી. આ પ્રમાણે કહાનજીભાઈની તો કીરતીના અચળ કોટ દીલ્હીના દરબારમાં ગણાયા, હવે તો બાદશાહના અમીર ઉમરાવો તથા અધીકારી નોકરોએ કહાનાનાં પરાક્રમથી અંજાઈ જઇને તેની ચડતીનો દ્વેષ કરવાનું તજી દીધું. ઉલટા સઉ કોઈ તેનાં વખાણ કરવા લાગ્યા, તથા ખુશામત કરીને તેની પ્રીતી સંપાન કરવાની મહેનત કરવા લાગ્યા આ પ્રમાણે કહાનો કુંભાર આ નામનોજ માત્ર પ્રજાપતી હતો ખરેખરો પ્રજાપતી થઇ પડયો. ખુદ બાદશાહ પણ હવે તો કોઈ કોઈ વાર કહાનાને ત્યાં પધારતા, આવી ચડતીમાં કુ-

ઙાનો દિલ્હીમાં કેટલાક વખત લગી રહ્યો; પરંતુ સંસારમાં પ્રતીષ્ઠા વધે છે તેની સાથે જવાબદારીમાં અને ફરજમાં પણ વધારો થાય છે. એકવાર કોઈ કામમાં કોઇ માણસ ફાવ્યો અને તેણે પ્રતીષ્ઠા મેળવી તો બીજીવાર પણ તેવાજ મળત્વના કામમાં સઉ કોઈ તેનીજ મદદની આશા રાખે છે તેજ પ્રમાણે બીજીવાર ફાવ્યો તો ત્રીજીવાર તેનીજ મદદ લેવાની લોકો આશા રાખે છે. એમ કરતાં એકાદવાર તો પોતાને માથે આવી પડેલા કામમાં ફતેહ પામી શકતો નથી. તો તેના તેજ લોક તે પ્રથમ દઇવયોગથી ફાવી ગયો હતો. અથવા તો હવે તેનામાં પ્રથમ જેવી શક્તિ રહી નથી વગેરે વચનો બોલીને તે માણસની કીંમતને ઉતારી નાંખે છે; વળી રાજદરબારમાંતો વીશેષે કરીને એ પ્રમાણે માણસની કીંમત ઉતારી જવાનો સંભવ રહેછે. હવે આપણા કહાનાને પ્રતિષ્ઠા પ્રમાણે કોઈવાર તેવુંજ સખત કામ પોતાને માથે આવી પડવાનો સંભવ વધ્યો ખરો પણ તે બાબતનું તેને કશું ભાનજ નહોતું તેને તો બડાઈ અને રોફ મારવો અને અમન ચેનમાં બાદશાહી માનની મોજ મારવી એટલુંજ ભાન હતું; પણ તેની ડાહી વહુ પાલી કુંભારણ કે જેની મારફત કહાનાનું નશીબ ફળદાતા નીવડયું હતું તેને કેવી ચિન્તા વારંવાર થતી. તે કુંભારણને પણ હવે તો નશીબના સંજોગ ઉપર જબરો વિશ્વાસ બેઠો હતો તેથી તેને કોઈ કોઇવાર પ્રારબ્ધ વિષેનો વિચાર દિલાસો આપનાર થઈ પડતો હતો. એથી આ બંને કુંભાર કુંભારણનું જોડું દિલ્હીમાં સુખ ચેનમાં રહેતું હતું.

થોડોક સમય વીત્યા પછી ફરીને પણ કહાનાને માથે પાછી એક ઉપાધિઆવી પડી. કોઇ પરદેશી ધાડપાડુઓનું એક ટોળું દિલ્હીના આસપાસના પ્રગણામાં ધાડાં પાડી ગામડાંઓને લુંટીલેવા લા-

ગ્યું અને તેથી લોકો કાયર થઇને માથે બળતી શગડીઓ લેઇને બા દશાહ એકવાર દરબાર ભરીને બેઠા હતા, તે વખત આવ્યા દરબાર- માં કહાનાભાઈ પણ બાદશાહની જમણી બાજુએ પોતાની માનભ- રેલી બેઠકે બેઠાં હતા આ વખતે પેલા રૈયત લોકોએ આવીને પો- કાર કર્યા કે ધાડપાડું લોકો અમને ખરાબખસ્ત કરી નાંખે છે, મા- ટે અમારે માથે કોઇ ધણી હોય તો અમારે માથેથી આ શગડી ઉ- તરાવે અને એ ધાડપાડું લોકોથી અમારૂં રક્ષણ કરે, અમે તો રંક પ્રજા છીએ. તો ખરો પ્રજાપતિ હોય તેજ અમારા માથેથી આ શગડી ઉતારી અમને ધીરજ આપે. આ સાંભળીને આપણો મૂર્ખ કહાનો તો સમજ્યો કે ખરેખરો પ્રજાપતિ તો હું કહેવાઉં કેમકે કુંભારને સઉ કોઈ પ્રજાપતિ કહે છે તેથી કહાનાએ તો પોતાની ખુરસી ઉપરથી ઉઠતેકે પેલા રૈયત લોકોના માથેથી શગડીઓ ઉતારી નાખી, પણ કહાનાભાઈ કાંઇ સમજ્યા નહોતા કે શગડીઓ ઉતારીશું તો પછી પેલા ધાડપાડુઓની સાથે તલવાર બાંધીને રણે ચઢવું પડશે કહાનાએ પેલા લોકોને માથેથી શગડીઓ ઉતારી નાખી એટલે બાદશાહે ત- રતજ તેને શાબાંશી આપી ને બોલ્યા કે:—"શાબાશ રાણાજી શા- બાશ! આ પ્રમાણે રૈયતનું દુઃખ ટાળવાને અને મારી બાદશાહીની આબાદી જાળવવાને માટે હુકમ થવાની રાહ જોયા વિના એક- દમ તમે તે હરામી ધાડપાડુઓને જેર કરવાનું કામ માથે લેવામાં જરીક પણ ઢીલ કરી નથી. તેથી તમારા જેવા ખાનદાન બહાદુર મરદને હું જે શાબાશી આપુ તે થોડી છે તમારે જે કાંઈ સાહિત્ય કે સામગ્રી જોઇએ તે તમે તમારી પસંદગી પ્રમાણે લેઈ જજો- તેમજ તમારી સાથે જે કાંઈ લશકર કે સરંજામ જોઇએ તેમાં પણ

તમારે પૂછવાની જરૂર નથી " આપણા કહાનો તો બાદશાહના કહેવાનો કાંઇ પણ અર્થ સમજ્યો નહી કે બાદશાહ મને પેલા ધાડ પાડુઓની સામે લડવા જવાનું કહે છે તે તો એની મેળે મુંગે મોઢે બેશી રહ્યો અને દરબાર બરખાસ્ત થઇ ગયો એટલે ઉઠીને પોતાને ઘેર ગયો પણ રોજના રિવાજ પ્રમાણે પોતે દરબારમાં જઇને શું કર્યું હતું તેનો હેવાલ કહાનાએ પાલીની આગળ કહ્યો તે ઉપરથી પાલીએ જાણ્યું કે આ મુર્ખે પોતાની મેળેજ બાદશાહના હુકમ વગર ઉપાધી વહોરી લીધી, હવે કેમ કરવું ? પણ પાલીએ જાણ્યું કે ધાડ પાડુઓના સામે કાંઈ કહાનાને એકલો મોકલશે નહીં.

બીજા રોજ સવારમાં બાદશાહે કહાનાને તેડવા મોકલ્યો અને પોતાની અશ્વશાળા (ઘોડાર)માં લેઈ જઇને તેને પોતાના સ્વારીના ખુદ બાદશાહી ઘોડા બાદશાહે બતાવ્યા તથા કહ્યું કે—"દેસ દોસ્ત, તુમ વો ધાડ પાડુ લોકોકે સામને લડનેકાં જાવ તબ તુમારે બેઠનેકાં યહ ઘોડેમેંસે જો તમકો પસંદ આવે વો ઘોડા લે જાવ. હમ તુમારી બહાદુરીસે બહોત બહોત ખુશ હો ગયે હૈ જીસસે તુમકો હમ બક્ષદેતે હે " કહાનો આ પ્રમાણે બાદશાહની પ્રસન્નતા સાંભળીને મનમાં પ્રથમતો ખુશી થયો. અને ફુલાઈ ગયો. પણ જ્યારે પોતાને માટે બાદશાહના હુકમ પ્રમાણે ઘોડા પ્રસંદ કરવાનું કામ શરૂ કર્યું ત્યારે તેણે જાણ્યું કે આપણે જન્મારા લગી કોઈ પાણીદાર ઘોડા પર બેઠા નથી. ફક્ત ગધેડા ઉપર બેશીને મોટા થયા છીએ, માટે જો કોઇ મજબુત અને જોરાવર ઘોડો પસંદ કરીશું તો હાડકાં પાંસળાં જુદાં થઇ જશે. માટે કોઈ દમ વગરનો નબળો પાતળો ઘોડો પસંદ કરવો આ પ્રમાણે વિચાર કરીને તે બાદશાહના ખાસ સવારીના અશ્વ ઘોડાને જોવા લાગ્યો કિયો ઘોડો પસંદ કરવો તે તેને સુઝે

નહીં તેથી ત'બાડાઓમાં ફરી ફરીને જોયા. પછી જબર બાદશાહના ખાસ માનીતો ઘોડો 'દુલદુલ' નામનો હતો તેની પાસે જઇ તેને ઘોડાને નિહાળતો અને પોતાના મનમાં વિચાર કરતો ઉભો રહ્યો. કેમકે તે ઘોડો ઘણોજ ઉમદા હતો અને તે દેવતાઈ જેવો હતો ને ઘોડો જમીન ઉપર ઉભો રહેતો ત્યારે ત્રીજો પગ જમીન ઉપર અડકાતો નહીં, પણ તે અધર રાખતો. વળી તે નિરંતર હરતી માપક ઝુલ્યા કરતો; તથા તેની આગળ રાત દિવસ ઘીના દીવાની જ્યોતીઓ બળ્યા કરતી. આ ઘોડાને જોઈને કહાનારાણાએ વિચાર્યું કેઃ— "આ ઘોડો અશક્ત અને માંદો છે" તેના ઉપર મારાથી બેશી શકાશે તથા આ ઘોડો મારા કબજામાં રહેશે કેમકે તે બાચારો એક પગે તો લંગડો છે તેથી ત્રણ પગે એકદમ ઉપડી જઈ શકશે નહીં વળી તેને કાંઇ અંદરનું પણ દરદ છે તેથી આમતેમ ડોલ્યા કરે છે, તેથી આ પ્રમાણે દુઃખથી ઝુરતો ઘોડો કાંઈ મને ફેંકી દઈ શકશે નહીં; વળી તેની આગળ દિવસે પણ દીવા કરવા પડે છે તેથી તે તો આંધળા જેવો પણ હશે, તેથી આંખે અખમ થયેલો ઘોડો આપણે હાંકીશું તે પ્રમાણે ચાલશે પણ મને તે પાડી નાખીને નાશી કે ભાગી જશે નહીં; માટે આપણે તો આજ ઘોડો પસંદ કરવો " આ પ્રમાણે વિચાર કરીને કહાનાએ બાદશાહને કહ્યું કેઃ—" મને તો આ ઘોડોજ પસંદ પડે છે." બાદશાહ તો એકદમ ખુશી થઇ ગયા અને કહાનાની અરજ મંજુર રાખીને તેમણે કહાનાને શાબાશી આપી ને બોલ્યા કેઃ— " બહાદુર રાણાજી આપકોભી ઘોડેકી અચ્છી પારખ હૈ " કહાનાએ તો એ ઘોડો અશક્ત અને ગરીબડો તથા માંદો જાણીને પોતાને માટે પસંદ કર્યો હતો. પણ બાદશાહે તો પોતાના મનમાં જાણ્યું કે કહાનાને ઘોડાની પણ ખરેખરી પરીક્ષા છે કેમકે તેણે એટલા બધા

ઘોડાઓમાંથી પહેલા નંબરે ગણાતા દુલદુલનેજ પસંદ કર્યો. આ પ્રમાણે દૈવ અનુકુળ હોય છે તો મૂર્ખ પણ ફાવી જાય છે.

ઘોડો પસંદ કરીને કહાનો તો પોતાને મુકામે ગયો; અને તેણે બધી વાત પોતાની સ્ત્રી આગળ કરી. સ્ત્રીએ પોતાના મનથી વિચાર્યું કે બાદશાહી ઘોડારમાં એવો લંગડો કે આંધળો ઘોડો હોય નહિ. પણ પોતાના ધણીએ જે ઘોડો પસંદ કર્યો છે. તે જેની આગળ ઘીના દીવા બળે છે તે દુલદુલજ હશે. એમ અનુમાનથી જાણી લીધું તેથી તે ચતુર સ્ત્રી બોલી કે એ ઘોડો તો ઘણોજ પાણીદાર છે, તેના ઉપર તમે ટકી શકવાના નથી ત્યારે કહાનાએ કહ્યું કે રાજની પેઠે તું કાંઇ યુક્તિ શોધી કાઢ. ને ઓરતે પછી દોરડા વતી તે ઘોડા ઉપર કહાનાને બાંધી લેવાની યુક્તિ મુકરર કરી બીજે દીવસે પેલા ધાડપાડુઓ સામે આપણા પાંચમારસિંહજી કહાનજી કુંભાર લડવા જવાના હતા તેથી બાદશાહના હુકમ પ્રમાણે બાદશાહી ઘોડા દુલદુલને લેઇને ઘોડાનો રાવત કહાનાજીના મકાન આગળ હાજર થયો કહાનાને ઘોડા ઉપર બેસાડીને તેની ઓરતે તેને દોરડા વતી સજડ ઘોડાની પીઠ સાથે બાંધી લીધો પછી લગામ કહાનાંના હાથમાં આપી. તેની કમરે દેખાવનીજ ખાતર તલવાર વગેરે હથીઆર પણ બાંધી લીધાં હતાં. ઘોડો તો જેવો ચાલ્યો તેવોજ પવન વેગે ઉપડ્યો, અને કહાનાની મદદમાં જે રસાલો આપ્યો હતો તે રસાલાના ઘોડા ચલ્યા તેજ દિશામાં દોડ્યો અને તે બધા ઘોડાની આગળ નીકળી ગયો કહાનાએ જાણ્યું કે આ ઘોડો તે આકાશમા લેઇ જશે કે પાતાલમાં પેસાડી દેશે તેની બીકના માર્યા તેણે તો રસ્તામાં એક સુકાયેલું મોટું ઝાડ આવ્યું તે પોતાના હાથમાં બાથ ભીડાવીને પકડી લીધું. હવ દૈવયોગે એવું બન્યું હતું કે ઝાડ અંદરથી પોલું ખવાઇ ગયેલું અને [illegible]

તેથી તે જોકે મોટું કદાવર જણાતું હતું તોપણ તેમાં બે ફુટ ઝૂ-
ઘા મળીને બે ત્રણ મણથી વધારે નહોતો. કહાનાએ બાથ ભરીની
એટલે તે ઝાડ તો તેના હાથમાં આવ્યું અને મૂળમાંથી ભાગી જઈ-
ને તેની બાથમાં અધર રહ્યું. આ બનું પેલા સારા ધાડપાડુ લોકોએ
દીઠું, તેથી તે લોકો તો બધા અજાયબ થઇ ગયા—કે આતે કોઈ દેવ
હશે. કે દાનવ હશે કે કોણ હશે—કે જે આખા ઝાડને મૂળમાંથી ઉ-
પાડીને આપણા સામો લડવાને આવે છે. તેથી ધાડપાડુઓનો ઉપરી
વેગળેથીજ હાથ જોડીને કહાનાને કહેવા લાગ્યો કેઃ—બાપજી! અમને
જીવતા મુકો, હવે અમે કદી પણ આ બાદશાહના રાજ્યમાં ધાડાં પાડી-
શું નહીં, ધાડપાડુના ઉપરીએ કહ્યું કે- "જીવતા મુકો." કહાનો સમ-
જ્યો કે મને આ આ ઝાડ મુકી દેવાનું કહે છે તેથી તેતો ઘાંટા પાડી પા-
ડીને બીકનો માર્યો બરાડવા માંડ્યો કે "નહીં મુકું અલ્યા નહીં મુકું".
મુર્ખ કહાનાના મનમાં એમકે જો ઝાડ મુકીશ તો મરી જઇશ પેલા ધા-
ડપાડુઓ સમજ્યા કે આતો આપણને જીવતા મુકવાનો નથી તેથી તે-
મણે પોતાનો લુટનો સઘળો માલ તેની આગળ રજુ કર્યો અને દાંતમાં
તરણું લઇને સૌ ઉભા તે ધાડપાડુઓનાં ચોરાને જોઇને કહાનાનો દુલદુ-
લ પણ ત્યાં પોતાની મેળે ઉભો હતો. તેવામાં કહાનાની મદદના રસાલા-
ના સ્વારો વગેરે આવી પહોંચ્યા. તેમણે પેલા ભયભીત થયેલા ધાડપા-
ડુઓને કેદ કરી લીધા. તેમનો લુટ કરીને મેળવેલો માલ પણ
કબજે કરી સાથે લેઇ લીધો. અને વિજયી કહાનાના ઘોડાને બીજા
એક સવારે હેઠ ઉતરી દોરી લીધો. કેમકે કહાનાએ તો પોતાના હા-
થમાં ઘોડાની લગામ પણ બીકને લીધે મુકી દીધી હતી અને ઝાડની
સાથે બાથ ભીડી મડા ગાંઠ પાડી દીધી હતી. સવારોએ જાણ્યું કે
આ વીર પુરૂષને શૂર ચડ્યું છે તેથી તે કાંઇ ભાનમાં નથી. કહાનો
તો બેભાનમાં બોકડાની માફક બુમો પાડી પાડીને કહેતો કે "

કે નથી મુકવાનો : ” (એટલે ઝાડ નથી મુકવાનો સઉ સમજતા કે “ આ ઝાડપાડુ લોકોને નથી મુકવાનો ” આ પ્રમાણે વિજયી કલાનાનો વરઘોડો પાછો દિલ્હીમાં આવ્યો તેની ખબર વિજળીને વેગે આખા નગરમાં ફેલાઈ ગઇ બાદશાહ પોતે સામઈયું કરીને તેના સામા આવ્યા. લોકો કલાનાનું વીરપણું જોઈને દિંગ થઇ ગયા. બાદશાહે પણ કલાનાને ઘોડાઉપર બેઠેલો જોયો તો હાથમાં મોટું દરખત અને મોઢામાં “ નહિ મુકું ” એવી વીર હાકો નાદ શોભી રહ્યા છે બધા રસાલાના સવારો એક અવાજે કલાનાજીના સુરવીરેપણાનાં વખાણ કરી રહ્યા છે. અહો ! કેવો બહાદુર નર !- આખું ઝાડનું ઝાડ ઉઠાવીને જે રણે ચઢયો છે. હિંદુ સવારો તેને ભીમસેન-ની સાથે સરખાવતા હતા અને મુસલમાન સવારો તેને અલિમૂર્તુજા નો અવતાર કહીને વખાણતા હતા. આ બધું જોઇને બાદશાહે તો કોઈ કરોડો પ્રકારે કલાનાનાં વખાણ કર્યા,સાબાશી આપી બાદશાહ તો પોતે પગે ચાલતા કલાનાજીના ઘોડા પાસે આવ્યા અને બો-લ્યાઃ-ધન છે, રાણાજી આપને ! !આપના જેવા વીર પુરૂષ આ દુ-નિયામાં પાકગો નથી અને પાકનારો નથી. હવે આ જીતાયલા ઝાડ પાડુઓ ઉપર દયા કરીને આપ હાથમાંથી મુકી ઘો કલાનો કે-જે બેબાનની પેઠે ફાટી આંખ્યે બાદશાહનું બોલતું સાંભળતો હતો તે “મુકી ઘો’ શબ્દ સાંભળતાં બરાડી ઉઠયો-નહીં મુકું, નહીં મુકું અને તે પણ એવા જોસથી બરાડયો કે બાદશાહ પણ ભડકી ગયા પછી બાદશાહે જાણ્યું કે આ વીર પુરૂષને બહુ શુર ચઢયું છે તેથી તેની સ્ત્રી પાસે તેને પહોચાડીએ એટલે તેની સારવાર કરીને તે સ્ત્રી તેની સબીયત ઠેકાણે આણશે. પછી હાથમાં દરખત સાથેજ કલાનાને દિંગમુઢ અવસ્થામાં જોયો તેણે પોતાના હાથમાં એક સોય લઇને કલાનાના બંને હાથમાં કોઇ જાણે નહીં તેમ ઘોચી એટલે તેણે ભડ

ડીને બાથ છોડી દીધી એટલે પેલું ઝાડ બીજી તરફ નમેલું હતું તે તરફજ પડ્યું કહાનાને ઘોડા ઉપરથી છોડીને હેઠે ઉતરાવ્યો પાલી કહાનાને ઘરમાં લઇ ગઇ અને તેને ઉંઘ આવી જાય તેવી દવા પાઇ દીધી કહાનો ઉંઘી ગયો અને ફરીને જાગ્યો એટલે તેની અક્કલ શુદ્ધિમાં આવી. ત્યારપછી થોડાક વખત થયો એટલે બાદશાહનેત્યાંથી માણુસ તેડવા આવ્યું અને કહ્યું કે, જો હવે રાણાજીન. હાલ અને થાક ઉતાર્યા હોય તથા તબીયત ઠેકાણે આવી હોય તો બાદશાહ તેમને યાદ કરે છે. કહાનાને પાલીએ બાદશાહ આગળ શું બોલવું તે શીખવી રાખ્યું અને પછી બાદશાહ પાસે મોકલ્યો.

રાણાજી કહાનાબાઇનાં વખાણ આખી દીલ્હીમાં ગાજી રહ્યાં અને તે સાંભળતાં સાંભળતાં બગીમાં બેસીને કહાનોજી બાદશાહ પાસે આવી પહોંચ્યા બાદશાહ પણ આપણા કહાનાના આ છેલ્લા અદ્ભુત પરાક્રમથી એવા તો પ્રસન્ન થઇ ગયા હતા કે ન પુછો વાત. આવા પરમ પરાક્રમી વીર પુરૂષ કહાનાનો દરબાર ભરીને બાદશાહે તે રોજ બહુજ સત્તકાર કર્યો મોટાં મોટાં ઇનામ અકરામ આપ્યાં થોડાક દીવસ વીત્યા પછી બાદશાહ રાણા પાંચમારસિંહજી ઉર્ફે આપણા કહાના કુંભારને ત્યાં પધાર્યા. જે કહાનો આવો પરાક્રમી કર્યો હતો અને જેણે બાદશાહની અદ્ભુત સેવાઓ બજાવી હતી તેને ઘેર બાદશાહ પધારે એમાં કાંઇ નવાઈ નહોતી પણ નવાઇની વાત તો એ હતી કે તે રોજ બાદશાહે કહાનાને અને પાલીને એકાન્તમાં મળીને નીચે પ્રમાણે વાત કરી. બાદશાહે કહ્યું કે-"તમને બનેને હું મારાં બેટાબેટી પ્રમાણે ચાહુ છું તમે બંને કોઇ ખાનદાન કુટુંબનાં માણુસ જણાઓ છો આ રાણાજી છે તે ઘણાજ પરાક્રમી અને બહાદુર પુરૂષ છે. તેમના પરાક્રમથી હું તેમના ઉપર ફિદા થઈ ગયો છું. માટે મારે રાણાજી પાંચમારસિંહજીને મારી શાહજાદી પરણાવવાનો વિચાર છે.

[illegible] બાબતમાં [illegible] મરજી છે [illegible] કહેશો ?"
કહાનો આ સંભળીને ખુશખુશ થઇ ગયો હશે અને તેણે તરતજ "હા" કહી દીધી હશે, એમ અમારા વાંચનારના મનમાં આવશે પણ તેમ નહોતું. કહાનો જો કે સુખચેન ભોગવવાની પ્રીતીવાળો હતો તો પણ તેને પોતાના હિંદુપણાનું અભીમાનહતું હિંદુમટીનેમુસલમાનની જોડે સગાઇ કરવા ઉપર સંપૂર્ણ તીરસ્કાર હતો તેમજ તેને પોતાની સ્ત્રી પાલી કે જે તેના આટલા બધા ભાગ્યોદય થવામા મદદગાર થઇ હતી, અને જે પોતાના કમ અક્કલવાળા ધણી ઉપર પણ પુજ્ય ભાવ રાખીને તેનું હીત ચીંતવનારી હતી તેની ઉપર સંપૂર્ણ પ્રીતી હતી તેથી કહાનો બાદશાહે કરેલી માગણી સાંભળીને વિચારમાં પડી ગયો. તેથી બાદશાહે જાણ્યું કે પોતાની સ્ત્રી શું કહે છે તેની વાટ જોતો હશે તેથી બાદશાહ બોલ્યો કે "જો બેટા પાલી? હું તને મારી શાહજાદી બરોબરજ ગણીશ અને તારા સુખમાં કશો પણ વાંધો આવશે નહીં તારા પરાક્રમી ખાવિંદનું સુખ તને પુરેપુરૂં મળવામાં મારી દીકરી તરફથી કાંઇ પણ અડચણ કરવામાં આવશે નહીં" તે ઉપરથી પાલીએ કહાનાને કહ્યું કે--મારી તરફથી આપ કાંઇ વાંધો સમજસો નહીં." પછી બાદશાહે કહાનાને કહ્યું કે--"બોલો રાણાજી" તમારે કાંઇ વાંધો છે?" કહાનાએ ગરીબાઇથી અને નિખાલસપણાથી કહ્યું કે--આપ દયાળુ બાદશાહ ? અમારો જે વાંક ગુનો હોય તે માફ કરશો. અમો જાતના કુંભાર છીએ, આપની શાહાજાદી અમારા જેવાને દેવાથી આપની દુનિયામાં હાંસી થાય માટે આપ ખુદાવીંદ માફ કરશો.' બાદશાહે અજાયબીથી ખુલાસો પૂછયો કે તમે પોતાને રાણાજીના કુટુંબના કહેવરાવો છો તે શી રીત્યે ! કહાનાએ પોતાની અસલ ગરીબાઇથી જવાબ દીધો કે અમારા ઘરડામાં એક રાણાજી કરીને એક કુંભાર થઇ ગયો છે, તે ઉપરથી અમે રાણાજીના

કુંભના કહેવાઈએ ફરી એ. "બાદશાહે થોડોક વખત વિચાર કરી કહ્યું કે-"અમે તે વર્ણનો પણ પરાક્રમી પુરૂષ હોય તેને કન્યા આપતાં અમારા દીનમાં હરકત નથી" કહાને નિરાભિમાનપણે પોતાના હિંદુપણાને છાજે તેમ બોલ્યો--"પણ હું હીંદુ છું તથી મને હરકત છે. અમારા હિંદુપણાનું અભિમાન ધારણ કરનાર છેક પણ મુસલમાનસાથે સમાગમ કરતાં હિણપત સમજે છે તો હું કેમ વટલાઉં? આપ માલીક આ મારો ગુનેહો માફ કરશો. બાદશાહ બોલ્યા--"પ્રેમ અને પદવી ખાતર મોટી મોટી વર્ણના હિંદુઓ મુસલમાન સાથે સબંધ કરવામાં અચકાતા નથી. તેનાથી તમે શું કુંભાર વધી ગયા કે?" કુંભાર કહાનો પોતાની મુળ ગરીબાઈ પ્રમાણે બોલ્યો--"બાપજી અમે તો સર્વ હિંદુઓનાં વસવાયાં છીએ, પણ જે હિંદુઓ મુસલમાને સાથે સબંધ કરીને પોતાનો ધરમ બોળે છે તેતો અમારા કરતાં પણ નાપાક" તે સમજુ બાદશાહ કુંભારના નીખાલસપણાથી પ્રસન્ન થયો અને તેને ઈનામ વગેરે આપીને પોતાને સ્વદેશ પાટણ મોકલ્યો તેના વંશના કુંભાર પાટણની કારીગરી વાળાં રમકડાં બનાવે છે પણ હાંડલાં ઘડતા નથી એવી દંત કથા હાલ ગુજરાતમાં ચાલે છે.

દોહરો.

ભલી સ્ત્રીએ ભવ સુધરે, રૂડે દિવસ રાજ:
ધર્મ સાચવ્યે જસ વધે, સાર વાતનો આજ.

સમાપ્ત.

તારાગવરી.

(એક રસિક ઐતિહાસિક નવલકથા) શરીર સૌંદર્ય કરતાં મન—સૌંદર્યને અધિક ચાહનારી તારાગવરી પોતાના સ્વાર્થ ભાનુસિંહ સાથે માનસિક સહ શારીરિક વિવાહ રચી, અનેક આફતોમાં કેવી સુખ દુઃખ વિભાગીની થાય છે? અને અંતે જય પામે છે તેના અનુપમ પ્રતિબિંબ રૂપ આ નવલકથા અવશ્ય અવલોકન રૂપ છે. મુલ્ય ૦—૬—૦ પોષ્ટેજ ૦—૧—૦

સીતા શ્રીમતિ જનક કન્યા રામ ભાર્યા.

તેમનું પવિત્ર ચરિત (બાલ્યકાળથી તે મહારાજ્ઞાપદ સુધી) જોઈયે માતા પિતા, પતિ, સાસુ સસરા તથા અન્ય ઓ પ્રતિ કેવી રીતે વર્ત્તવું? રંક શ્રીમંતાઈ, સુખ ને પતિ વિયોગમાં મનને નિશ્ચય કરી પતિ- તે પરાયણ થવું? એનું આ પુસ્તક એક દરેક વિદ્યાર્થી આર્યબાળાને આ પુસ્તક કિંમત ૦-૮-૦ પોસ્ટેજ ૦-૧-૦.

મયન્તી.

એક ગૃહસ્થને ઘરમાં ર

નવિક પતિવ્રત ધર્મ

આપનાર આના

'દ્ગૃહસ્